

# ગુણાતીત જ્યોત






જાગરૂપ દેહ ધરનારમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.


વર્ષ ૫૧, અંક : ૬, તા.૨૧મી જૂન, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ જેઠ સુદ - ૧૧, સોમવાર

દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



૫/૬/૭૪

સ્વામીશ્રીજી.

મનને બોલવું લપલપ
કરતું બંધ કરવા –
મનને આપણે
પ્રાપ્તિના કેફના સાધના
મહિમાની વાતો જોરદાર
કરતા રહો. ભર્યું રાખો
ધીરે ધીરે ન મન પહોંચેલા
સંગ ભરાઈ આપણું કર્યું
સાંભળશે ને ભોગવશે.
સાચામાં સરખાય –

પપ્પા.




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દ્રઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય. ને ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઉર્ધ્વરેતા–નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે. (વચ.પંચાળા–૭)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

સંત છે ત્યાં નિયમ છે, ધર્મ છે, જ્ઞાન છે ને સંત છે ત્યાં અનંત ગુણ છે અને ભગવાન પણ ત્યાં જ છે ને તેથી જીવ પવિત્ર થાય છે. તે વચનામૃત ગ.મ.૫૪માં કહ્યું છે જે તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન એ આદિક સાધને કરીને ભગવાન કહે હું વશ થાતો નથી જેવો શુદ્ધ અંતઃકરણવાળા સાધુને સંગે કરીને રાજી થાઉં છું. ને આ સત્સંગ મળ્યો છે તેના પુણ્યનો પાર નથી.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૧૮૨મી વાત)



### દિવ્યામૃત :–

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો સિદ્ધાંતિક રાજીપો મેળવવા, મન, કર્મ, વચને કરીને ભગવાન ને તેમના ભક્તોની માહાત્મ્યેયુક્ત સેવા એ સર્વોપરી સાધન છે. બદલાની આશા રાખ્યા વિના, કેવળ પ્રભુની પ્રસન્નતા મેળવવાના હેતુથી સેવા કરીશું તો સત્પુરુષ તત્કાળ રાજી થઈ જશે.

### અનુક્રમણિકા — પાન નં.


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| સ્વાધ્યાય સંદેશ... | ૩ |
| પપ્પાજીની પરાવાણી... | ૪ |
| ગુરુપૂર્ણિમાના મંગલ અવસરે... | ૫ |
| સત્સંગ સમાચાર... | ૬ |
| પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૩૦ |
| ચાતુર્માસના નિયમો... | ૩૨ |



## પપ્પાજીની પરાવાણી...

**પ્રશ્ન : સાત્ત્વિક સુખ શું ?**

સાત્ત્વિક એટલે બુદ્ધિમાં ઉતરી શકે ને સામો એનો બદલો માન-કીર્તિમાં અહોહોભાવમાં આપે એ સાત્ત્વિક સુખ કહેવાય. નિશાળો, કોલેજો બંધાવીએ, ધર્માદો કરીએ એટલે વૃત્તિ સંતોષાય. તેથીય આગળ બુદ્ધિથી પરનું જે સુખ એ નિર્ગુણ સુખ છે.

બુદ્ધિથી પર નિરાકાર અવસ્થામાંથી આવે તે બ્રહ્મની પ્રેરણા. આપણે ધ્યાન કરતાં જોઈએ કે what is I ? Iમાં એકાગ્રતા કરતાં કરતાં તમારા દેહનું ભાન ભૂલી જવાશે. પછી એક નીરવ સ્ટેજ આવશે. આ નીરવતામાં કેવળ સત્-ચિત્ત આનંદ. પછી what is that ? એ સભાનતા એકલી રહે. બ્રાહ્મી સભાનતામાં સ્થિત થાય. ને what is Babubhai ? એને બદલે ભગવાન જોડે એકાકાર થઈ જાઉં તો ભગવાનનું સુખ અખંડ આવ્યા જ કરે. પછી એ સભાનતામાં સ્થિત થઈને એમાંથી જે અવાજ આવે એ મારું સ્વરૂપ છે. એને માટે તંત્ર વાપરતો થઈ જાઉં એ અતિમનસ. હું ગુણાતીત, હું અક્ષર, પરબ્રહ્મના ગુણ ગાયા કરવાના. ભગવાન ચૈતન્યને આવો સાક્ષાત્કાર થયેલો. એ શિક્ષક જ હતા. અખંડ ભગવાનમાં જ મન. છોકરાઓ કહે, 'ગુરુજી, કક્કો શીખવો.' ગુરુજી કહે, 'બેટા ! ગોપાલકા નામ સિવા કુછ શીખનેકા નહીં હૈ, દેખનેકા નહીં હૈ...'

યોગીજીમહારાજ આવું જીવી ગયા. ને અમને એવું જીવતા કર્યા. આ દેહ તે હું નહીં. તેમાં બંધાયા વગર જનકવિદેહી તરીકે આત્મારૂપે જીવ્યા. બાપાના હૈયામાં ભગવાન હતા તો એમણે ભગવાન આપ્યા.

હું આફ્રિકા હતો. ગવર્મેન્ટ સર્વિસ સરસ ટેસવાળી હતી. રવિવાર થાય એટલે ૧૦ થી ૧૨ના શોમાં પીક્ચર જોવા જવાનું. મઝા જ આવે ને ! ભગવાન મળ્યા એ પહેલાં મને પુસ્તકો વાંચવાનો ખૂબ શોખ, ગુજરાતી ભાષાના બધાં જ પુસ્તકો ૧૯૫૦ સુધીમાં વાંચી કાઢેલા. ટીપણ કરવાની કહો તો કરું એવી એક અવતરણોની ફાઈલ પણ બનાવેલી. એ એક શોખ-વાસના થઈ ગયેલા. હું કહું કે બાજરીના ઢેબરાં, ચા ને ચોપડી આપો તો હું વર્ષોના વર્ષો સહરાના રણમાં ટેસ કરું. બીજી કોઈ જરૂર ના પડે. એવો શોખ હતો.

જ્યાં ૧૯૫૨માં જોગી મળ્યા પછી ખલાસ ! અત્યારે વચનામૃત, સ્વામીની વાતો વાંચીએ તો વધારે ને વધારે હવાદ આવે. આખું તંત્ર બદલાઈ ગયું. એ સ્વામીએ કરાવ્યું. મારી ભગવાનની વ્યાખ્યા શું હતી કે જગત ખોટું કરે એ ભગવાન. આ મારું મધ્યબિંદુ સાકાર કરે એ સાચા. ને પછી તે કહે તે કરવા તૈયાર છું એવું મને હતું. ને એ જોગીએ મારું મધ્યબિંદુ ખસેડ્યું. પછી જોગી કહે તેમ બે હાથ જોડીને કર્યું તો ચાર વર્ષમાં પુરું કરાવી દીધું. એટલે કહેવાનું શું કે બધું દિવ્ય કરી આપે. જો એવા સત્પુરુષ હોય તો. બાપાએ ખરેખર મારા રૂંવાડે રૂંવાડાનું રૂપાંતર કરી નાંખ્યું. એમના સંબંધમાં આવે તેના જગત ખોટા થવા માંડે તો જાણવું એમાં ભગવાન કામ કરે છે. એવા જોગી મળ્યા તો સુખી થઈ ગયા.

(તા.૧૮.૩.૧૯૭૪)



# ગુરુપૂર્ણિમાના મંગલ અવસરે...

આપણી હિન્દુ સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન અનેરું છે. અવતારના અવતારી એવા સ્વામિનારાયણ ભગવાન સ્વયં પરબ્રહ્મ તો પણ શ્રી રામાનંદસ્વામીને પોતાના ગુરુ માનીને પૂજ્યભાવે તેમની સાથે રહ્યા ને એમની સર્વે આજ્ઞા યથાવત્ પાળી. દીક્ષા સમયે ગુરુએ કંઈક માંગવા કહ્યું ત્યારે, આપણા સૌના માટે કેવા અદ્ભુત આશિષ માંગી લીધા કે, ૧) તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને રૂંવાડે રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને ન થાઓ. ૨) તમારા સત્સંગીના પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તો તે મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય... આ વરદાનમાં દાસત્વભાવ, ગુરુભક્તિનો ભાવ અને સુહૃદભાવનાં દર્શન થાય છે.

પોતે સ્વયં પરબ્રહ્મ છતાંય કેવી ગુરુ પાસે વિનમ્રતા, કરૂણાભાવે આપણી સુખાકારી અર્થે વરદાન માંગ્યા. જ્યારે લોજધામમાં રહ્યા ત્યારે શ્રી મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં વર્તીને આપણને દાસત્વભક્તિનો આદર્શ આપ્યો. શ્રીજીમહારાજની અકારણ કૃપામાં આપણા સૌના ઊંધા કમળ ચત્તાં થઈ ગયાં. આપણાં તન, મન ને આત્માના પ્રશ્નો ઉકલી ગયાં. આ દિવસથી સર્વ આશ્રિતો અન્ન-વસ્ત્રે દુઃખી નથી.

આવી જ કંઈક યાચના ગુરુહરિ પપ્પાજી મહારાજે શ્રી યોગીજીમહારાજ પાસે કરેલી કે, 'બાપા ! આ સૌ કોઈ આશ્રિતો ને પ્રભુ અર્થે જ નીકળેલી આ બહેનોને સુખે સુખે એકાંતિક ધર્મ સિદ્ધ કરાવજો.' તો શ્રી યોગીજીમહારાજે આશિષ આપ્યા કે, 'એકલા સુખે સુખે નહીં પણ સુખ, શાંતિ ને આનંદથી...' આપણા ભાગ્યનો પાર નથી. સ્વરૂપોની કરૂણામાં આપણે સૌ સુખ સાગરમાં તરી રહ્યાં છીએ.

વચ.ગ.અં.૨માં શ્રીહરિએ જણાવ્યું છે કે, 'જેવી પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તે સર્વે તેને પ્રાપ્ત થાય છે.' આ વચનનું સાકાર દર્શન પ.પૂ.સોનાબા, પ.પૂ.બેન, પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ. તારાબેન, પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ.જસુબેન, પ.પૂ.પદુબેન તથા સદ્‌ગુરુ સ્વરૂપોએ કરાવ્યું છે. તેઓ ગુરુહરિ પપ્પાજીની આજ્ઞામાં ટુક ટુક વર્ત્યા છે. પોતાનું મનસ્વી કોઈ જીવન જ નહીં. બસ, પપ્પાજી શું કહે છે ? એમ ગુરુમુખી રહીને આજ્ઞાઓ પાળી છે, સેવા કરી છે તો તેમનામાં પ્રભુની અનુવૃત્તિ પ્રગટી ગઈ. તેમની દ્રષ્ટિમાત્રે, સંકલ્પમાત્રે સંબંધમાં આવનારના પ્રકૃતિ-સ્વભાવ બદલાઈ રહ્યાં છે. ચૈતન્ય ભેદવાની સામર્થિએ સમૂળું પરિવર્તન યોગમાં આવેલાનું થઈ રહ્યું છે. ગુરુભક્તિ એટલે કરિષ્યે વચનમ્ તવ – તમે કહો તેમ એ આદર્શ આપી, સુખિયા થવાનો રાજમાર્ગ ગુરુસ્વરૂપોએ બતાવી દીધો. તો તે માર્ગે ચાલી સાચા અર્થમાં ગુરુભક્તિ કરીને, ગુરુના મહિમામાં રત રહીને જીવન જીવીએ. દરેક ક્રિયામાં ભક્તિ પ્રસારતા રહીએ. એવું વર્તવાનું ગુરુહરિ પપ્પાજી ને સ્વરૂપો બળ આપે એ જ આજના મંગલદિને પ્રાર્થના.

## સત્સંગ સમાચાર


### તા.૨૧ થી ૩૦ મે, ૨૦૨૧ : 'કીર્તન ભક્તિયજ્ઞ'

★ મે મહિનો એટલે ગુણાતીત સમાજની અનંત સ્મૃતિઓની રસધારમાં ભીંજવતો મહિનો. તા.૨૧મી મેથી ૩૦ મે સુધી વિશિષ્ટ રીતે કીર્તનભક્તિ યજ્ઞનું આયોજન કરેલું.


તેમાં 'પપ્પાજી, પ્રાર્થના, સ્મૃતિ, અંતર, આનંદ, સ્વામી, મૂર્તિ, સંકલ્પ, હિંડોળો, નૈયા, હૃદય, સુખ, દર્શન, ચિંતવન, શ્યામ, શ્રદ્ધા, પ્રભુ, પ્રસંગ, પુષ્પ (ફુલ)' આ શબ્દો જે ભજનમાં આવતા હોય તેવા પાંચ ભજન પસંદ કરી તેની આ શબ્દોવાળી ટુક ગાઈ ભજનસ્મૃતિનો લાભ લેવાનુંય ગોઠવાયેલું જેમાં ૨૨ મુક્તોએ ધ્રુવતારક પુસ્તકોનો સ્વાધ્યાય કરી, ભજનોની ટુક શોધીને તેમના સૂરમાં સંભળાવી સૌને ભજનસ્મૃતિના રસપાન કરાવ્યાં.

સાથે સાથે ગુરુહરિ પપ્પાજીના સ્મૃતિપ્રસંગો, અનુભવ અને માહાત્મ્યના મહાસાગરમાં ઝબકોળાઈ સૌ ધન્ય થયા.



★ શ્રીજીમહારાજ પોતાની કિશોર ઉંમરમાં ૧૧ વર્ષે ઘરત્યાગ કરી એકાંતિક ધર્મની સ્થાપનાના સંકલ્પ લઈ વનવિચરણે પધાર્યા. ને પ્રાગટ્યના હેતુ પૂર્ણ કર્યા.



એ જ કિશોર ઉંમરના ૧૧ વર્ષીય ગુરુહરિ પપ્પાજી મહારાજ નહીં રાજારૂપ, નહીં સાધુરૂપ એવા સ્વસ્વરૂપે ગૃહસ્થાશ્રમી બન્યા એ શુભ મંગલદિન ૨૫મી મે, ૧૯૨૭. જેને ૨૫મી મે, ૨૦૨૧માં ૯૪ વર્ષ પૂરાં થયા અને પ્રભુ પપ્પાજીની પરછાંઈ બની આધ્યાત્મિક કાર્યમાં સાથ આપ્યો એવાં નિઃશેષ સમર્પણની મૂર્તિ પ.પૂ.મમ્મીજીને કોટિ કોટિ વંદન કરતાં આજે પ્રભુકૃપા જે આ સમર્પણની ગાથાનું સાક્ષી છે તે તીર્થધામમાં ગુરુહરિ પપ્પાજીના ૧૦૫મા પ્રાગટ્યની સ્મૃતિમાં 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ' નિમિત્તેના દર્શન સૌએ માણ્યા.

## તા.૨૮.૫.૨૦૨૧ : શાશ્વત સ્મૃતિદિન - મહાપૂજા...





તા.૨૮મી મે - ગુરુહરિ પપ્પાજી મહારાજ શાશ્વત થયા તે ૧૫મો સ્મૃતિદિન પર્વ. ગુરુહરિ પપ્પાજીની સમગ્ર જીવનલીલાના પ્રસંગોની સ્મૃતિસૌરભ માણી ભક્તોને દિવ્ય જીવનની સૂઝ, શક્તિ મળી છે. આ વખતના કપરા કાળમાં સૌએ પ્રભુનો આશરો લીધો છે. નિષ્ઠા દ્રઢ રાખી છે. પ્રભુ જે કરે તે માન્ય રાખી ભક્તભાવે 'હરિઈચ્છા બલિયસી' સ્વીકારી છે. ત્યારે ગુરુહરિ પપ્પાજીના શાશ્વતસ્મૃતિપર્વની મહાપૂજા કરી. એમાં જે જે હરિભક્તોએ પૃથ્વી પરથી વિદાય લીધી, પ્રભુચરણમાં સ્થાન પામ્યા તેઓના કાર્યને, ગુણોને સંભારી, સત્કર્મોને વંદન કરી હૃદયાંજલિ અર્પણ કરી. અને આ સમયમાં સર્વ મેડીકલ વિભાગ, પેરામેડીકલ સ્ટાફના સેવકસ્વરૂપોએ બનતી કોશિષે સેવા બજાવી, સર્વ સ્વરૂપોએ ભજન, પ્રાર્થના સંકલ્પ, જતનથી સૌનાં તન, મન, આત્મા પ્રભુ સન્મુખ રહે, તેવી પરાભક્તિ કરી. હરિભક્તોએ પણ અરસપરસ સુહૃદભાવે જે બની આવે તેવી ભક્તિ કરી છે. તે સૌ તરફ કૃતકૃતજ્ઞતાભર્યા પ્રેમભાવથી આજની મહાપૂજામાં પ્રાર્થના કરી છે.

★ સભા સંચાલિકા પૂ.બકુબેને કહ્યું કે સ્વરૂપોએ ભક્તોના દુઃખે દુઃખી થઈ પ્રાર્થનાની લહેર વહાવી જેથી ભક્તો દુઃખ ઝીરવી શક્યા છે. ને તેમના હૃદયને શાતાવાળા રાખ્યા. એ પ્રભુ પપ્પાજીની કૃપા છે...

★ સ્મૃતિબેન દવે રચિત પપ્પાજીની વચનસ્મૃતિ કરાવતી ધૂન 'જે કામ ભજનથી થાયે, તે કામ બીજું કોઈ ન કરે...'માં સૌ લીન થયાં. ત્યાર બાદ પ્રાર્થનાગાન અને સ્વરૂપોના આશિષ લીધા તે માણીએ.

**ડૉ.પૂ.નિલમબેન :** અક્ષરનિવાસી થયેલા દરેક મુક્તોને સંભારીને તેમના સત્સંગના ભક્તિમય જીવનને બિરદાવી સ્વરૂપોને પ્રાર્થના કરી કે, આ સમો જ્ઞાન, સમજણનો નથી છતાં આત્માના જ્ઞાનને સ્વીકારી સૌએ મન મનાવ્યું છે. આ સમો શ્રદ્ધાને ડગમગાવી દે તેવો છે. છતાં પ્રભુના કાર્યમાં નિષ્ઠા દ્રઢ રાખી આશરો પકડી રાખ્યો છે. આ સમો બીમારી અને કુદરતી વાવાઝોડાની આફતોનો રહ્યો. જેમાં સૌએ પ્રાર્થનાનો જ ઉપાય લીધો છે.



આવી પડેલી આફતોમાં મહારાજની મરજીમાં ભળી હવે એ જ કહેવું છે કે, 'હે મહારાજ ! આપની કરૂણા વહાવો. હે શાસ્ત્રીજીમહારાજ ! આપની શૂરવીરતા, ઐશ્વર્યો વહાવો. હે યોગીજીમહારાજ ! આપની પ્રીતિ વહાવો. હે પપ્પાજી મહારાજ ! આપ તો પળમાં સૌનાં પ્રારબ્ધ બદલો છો. સૌને એકસરખા સુખી કરવાનું વચન આપ્યું છે તો એ સુખ વહાવો. હે કાકાજી મહારાજ ! આપ તો પ્રેમાળ, દયાળુ છો તો એ પ્રેમ-દયા વહાવો. હે બા ! આપ ચૈતન્ય મા છો, ભૂલો માફ કરો. હે દિવ્ય બેન ! પ્રેમ-દયાતણી મૂર્તિ છો. આપ સૌ પ્રગટ છો, પ્રત્યક્ષ થાવ ને દિવ્યતા પ્રસરાવો. આ કોરોનાની કઠણાઈ, આલોકના ત્રિવિધ તાપથી સૌને ઉગારો. તમારા શરણે છીએ. અગણિત ભૂલોને માફ કરો. જે જે મહામુક્તરાજ સ્વરૂપો, મુક્તોને આપના ચરણે સ્થાન મળ્યું છે. તેમને અમે ગરિમાપૂર્વક

વિદાય નથી આપી શક્યા. અંતિમ સંસ્કારની ભાવના–વિધિ નથી કરી શક્યા. આ દેશકાળ તો સાધુઓને પણ દર્દ કરાવે તેવો એક તપસ્યા બરોબર આવી ગયો. ચૈતન્યોના સુખે સુખી ને દુઃખે દુઃખી તે ગુણાતીત સાધનાનો પાયો છે. એ આ રીતે પણ ચૈતન્યોને પ્રગતિ કરાવે છે. એમાં દરેકે દરેકની રીતે સ્વભાવ, પ્રકૃતિ મૂકી નિષ્ઠામાં આગળ જવા સાથ આપ્યો છે. એમાં પ્રત્યક્ષ સ્વરૂપોએ ચૈતન્યોના સ્પંદનો ઝીલી કાળનું પ્રધાનપણું ભૂલાવી પ્રભુનું કર્તાહર્તાપણું મનાવ્યું છે. તો હવે કૃપા કરી સૌને રહેવા–ખાવા–પહેરવાની સુવિધા સૌને નિરાંતે મળે ને સર્વે સ્વરૂપોને પ્રાર્થના કે આપ કોઈ આવી બીમારી ગ્રહણ ના કરશો.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** દિવસો જતાં, વર્ષોના વર્ષો વીતી ગયા. પ્રભુએ વચન આપ્યું કે I am always with you.




પપ્પાજીએ આપણને એવા અનુભવો કરાવ્યા કે સાથે જ છે. સંભારીએ ત્યાં હાજર થયા જ છે. પ્રાપ્તિ કરાવતા જાય છે. મુક્તોમાં અખંડ રહ્યા છે.

સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી પર પધારી કમાલ કરી. એમના સ્વરૂપો પધાર્યા. પપ્પાજીની, સદ્‌ગુરુ સ્વરૂપોની ભેટ આપી. આપણા હૈયા સભર રાખ્યા. દીદીએ જાતજાતના ભજનો, લેખો આપ્યા. પ્રવચનો કર્યા છે. આજની મહાપૂજા કેટલી જીવંત થઈ ! પપ્પાજીને તો આપણને સુખી કરવા છે. તેમણે સંકલ્પ, ભાવ, ક્રિયા કે આપણું મનમુખી કાંઈ રહેવા ન દીધું. છતાંય ખરા પપ્પા ! નસીબદાર એવું કહેતા કર્યા. અક્ષરધામના સુખે સુખી કર્યા. આલોકના સુખે નહીં. પૃથ્વી પરનું અક્ષરધામ ! કંઈ જોયું નહીં, સૌને એક અક્ષરધામનું સુખ આપ્યું. આવા જ સુખ, શાંતિ, આનંદથી પરમ ભાગવત સંત થઈ જઈએ.

હે પપ્પાજી ! કોઈનાય સ્વભાવ, પ્રકૃતિ તરફ નજર ન જાય. આપની સ્મૃતિસહ ભજન કર્યા કરીએ તેવું બળ આપો એ જ આપના ચરણે પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** પપ્પાજીએ પોતાનું



યથાર્થ સ્વરૂપ ઓળખાવવા ખૂબ કૃપા કરી. તમે પ્રાર્થના કરો ને તે કામ કરે જ. આપણો ચાર પાંખાળો સત્સંગ. એકાંતિકો આપણને આપ્યા. કેટલાય મહામુક્તોએ આપણી પાસેથી વિદાય લીધી. તેમનો આત્મા તો પરમાત્મામાં લીન થઈ ગયો. પપ્પાજીના ચરણો વગર ક્યાંય ના જાય. બીજું, પપ્પાજી ખરેખર ઓળખાઈ જાય તો કોઈના સ્વભાવ–પ્રકૃતિ ન દેખાય. બધું દિવ્ય લાગે. અભાવ જ ન આવે. તેવું સુખ લેવા આપણે ભક્તના ભક્ત બની જઈએ.

**આશીર્દાન પ.પૂ.દીદી :** કેટલો સરસ પપ્પાજીએ ૮.૮.૬૪માં મહાપૂજાનો પ્રારંભ કરાવ્યો ત્યારથી આ મહાપૂજા સમાજમાં વહેતી થઈ.



રોજ આપણા માટે મહાપૂજા કરવી કે પપ્પાજીનો મનોરથ આપણે પૂરો કરીએ. આપણા થકી તેમનો મનોરથ પૂરો થાય. તેનાથી ફાયદો શું થશે ? દ્રષ્ટિ બદલાઈ જશે. બાહ્ય પ્રકૃતિ કોઈની નહીં દેખાય ને આપણને સુખ આવશે.

લૌકિક દ્રષ્ટિએ જોઈએ તો જે કાંઈ બન્યું તે જરૂરનું ન હતું. સ્વામીને મહારાજે પૂછયુ કે, 'કાળ લાવીએ કે ટૂંટીયું ?' તો સ્વામી કહે, 'ટૂંટીયું.' આપણા ભગવાનને કંઈક જરૂરનું લાગ્યું હશે એમાં ભક્તનું ભલું જ કરે છે. જેણે સત્સંગ કર્યો તેને સૌને બળ આપી દીધું છે. અંતરમાં જે આત્મબુદ્ધિ ને પ્રીતિ રાખી છે તેથી ભક્તોના દુઃખે દુઃખી થવાય છે. આપણે ભગવાન ધારીને ભગવાનનું કામ કરવું છે. આપણો ગુણાતીત સમાજ હંમેશા સાથે ને એક જ રહ્યો છે. ભગવાન જ્યારે જે કરે તે સારું કરે છે. આપણને ભગવાન ભજવાનો સમય આપ્યો. તો ભજી લઈએ.

આપણે જે નક્કી કરીએ તેને વળગી રહીએ. આ



સ્થાનમાંથી જ પ્રસંગ આવશે. તેમાંથી રાજી થઈ પસાર થવાનું બળ પણ અહીં જ મળશે.

બધાની પ્રકૃતિની ભિન્નતા તો હોય. એ શુદ્ધિકરણના પીરીયડમાં પડ્યા ન રહીએ. સહન ન થાય તો કહી દેવું કે મારાથી સહન નહીં થાય. જે કંઈ નબળાઈ હોય તે એની પાસે કબૂલ કરી લેવી તો તે બળ આપશે ને આગળ લઈ જશે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે ખરેખર ખૂબ મોટો પુણ્ય પર્વણીનો દિવસ છે. આપણા માટે જોગીમહારાજે એટલું સરસ કામ કરી આપ્યું. ૧૯૬૫ની સાલથી કદી લાગ્યું નથી કે જોગી મારી પાસે નથી. જોગીમહારાજ દેખાય નહીં પણ મારી વાત સાંભળે છે, મારી મૂંઝવણ દૂર કરે છે. જોગીમહારાજ આગળ



પાછળ ફરીને ન ધારેલાં, ન કલ્પેલાં કામ કરતા ગયા, આપણને મનાતું ગયું ને ગેડ બેસી ગઈ. ને ગેડ બેસાડી કે એ ગયા નથી. એ અખંડ આપણી જોડે છે જ એવું ૨૪ કલાક આપણને મનાયેલું રહે. આખી દુનિયા કહે છે કે ભગવાન ક્યાં નથી ? પણ મનાય છે ? મનાય તો દુઃખ, મૂંઝવણ રહે નહીં. હું એનો પ્રકાશ છું પછી અંધારું રહે કેવી રીતે ? એ વાત શ્રદ્ધાપૂર્વક મનાવી દીધી. ભજે એના ભગવાન ને મારે એની તલવાર. આપણે આજુબાજુ કશું જોયા વગર ભજન કર્યા કર્યું. ધૂન કરી, પ્રાર્થના કરી, કથાવાર્તા કરી તો કાળ, કર્મ, માયા કાંઈ કરી ન શક્યા. આપણી સાથે અખંડ ભગવાન છે એવું મનાય તો આપણને બીક લાગે જ નહીં. નહીંતર બીક લાગે જ. એવા જોગીમહારાજે આપણાથી જુદા રહીને મારી સાથે છે તેની પ્રતિતી બધાંને કરાવી દીધી. તેની ઠંડક અત્યારે અનુભવાય છે. સાકારરૂપે નથી દેખાતા પણ જોગી સાથે છે એની ઠંડક છે. આપણને મનાઈ ગયું કે મારી જોડે ભગવાન છે. દિવ્ય દ્રષ્ટિ થઈ ગઈ. ભગવાન જેવું મન થઈ જાય તો ભગવાન વડે ભગવાન ઓળખાય. દેહે કરીને ઓળખ્યા એ ઓળખ્યા ના કહેવાય. પ્રત્યક્ષની પ્રતીતિ આપણને કરાવી દીધી. એવા જોગીમહારાજ કદી અંતર્ધ્યાન થાય જ નહીં. એના એ જ જોગીમહારાજ બધામાં છે એ માનતા થઈ ગયા. એ ભૂમિકાએ લાવીને મૂકી દીધા. કાળ, કર્મ, માયા આપણાથી ડરીને ભાગે. આપણે એકબીજા તરફ સંપ, સુહૃદભાવ ને એકતા રાખીને જીવીએ. સુહૃદ એટલે મૈત્રી. અંદર અંદર એકબીજાની મૈત્રી રાખીને જીવતા થઈ ગયા એ જોગીનો પ્રતાપ. જોગી ગયા નથી ને જાય નહીં એ છે છે ને છે જ. એવું સહજ જ બધાંયને મનાયેલું રહે એટલે પછી કેફ, કાંટો, મસ્તી ને અખંડ આનંદના ફુવારા ઉડેલા રહે એવું બધાંને મનાઈ જાય એ જ પ્રાર્થના.

★ સંત સ્વરૂપ પૂ.રજનીભાઈ સંઘવીના અક્ષરધામગમન દિન નિમિત્તેની પ્રાર્થના આ મહાપૂજામાં ધરી.

★ અંતમાં સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થોમાંથી વિદાય થયેલ સર્વ આત્માઓ એક જ ધ્યેય રાખી આ સમાજમાં પ્રગટી પ્રભુ અભિપ્રાયમાં સેવા-ભક્તિ કરી રહ્યા છે. તેઓને ફરી ફરી અંતરના પ્રણામ છે. હે મહારાજ ! હે સ્વામી ! હે ગુરુહરિ પપ્પાજી ! હે ગુણાતીત સ્વરૂપો ! આજે તો ક્ષમાયાચના દિન... અમને સર્વ રીતે ક્ષમા અર્પી સદા સર્વદા સર્વનું સર્વ પ્રકારે મંગલ કરજો.

## તા.૩૧.૫.૨૦૨૧ : ગુરુહરિ પપ્પાજીમહારાજના સાક્ષાત્કારદિનની ઉજવણી...



આજે ૩૧મી મે. ૧૯૫૨ થી ૨૦૨૧ના ઈતિહાસની હરેક મે મહિનાની સૌરભને માણતા ૭૦મા વર્ષના પ્રારંભમાં જતાં ફરી ફરી એ જ વાતની ધન્યતા અનુભવાય છે કે...



ભગવાન સ્વામિનારાયણે તીર્થાટન કરી અનેકને સંબંધ આપ્યો. ગઢડા તીર્થભૂમિ જ્યાં બિરાજતા થકા પરાવાણીનો ધોધ વહાવ્યો. તેને સંતવૃંદે ઝીલી, ગ્રંથિત કરી સત્સંગ સમાજને વચનામૃતનો ગ્રંથ સુલભ કર્યો. એમાં ગ.પ્ર.૭૧ની અમૃતસરિતાએ શ્રી યોગીજીમહારાજ સ્વરૂપે પપ્પાજીના હૃદયને પખાળ્યું. એ અમૃતને રોમેરોમમાં ધારીને પપ્પાજી ગુણાતીત સમાજના સૂત્રધાર - અધિષ્ઠાતા બની રહ્યા. કર્મયોગી-ભક્તિયોગી બહેનોને જ્ઞાનસમાધિ બક્ષિશ આપી. વ્રતધારી યુવકોને બ્રહ્મરસના ભોક્તા બનાવ્યા. યોગીસેનાની સંતમાળને પોતાના હસ્તની માળાના મણકામાં રાખી જતન કર્યું. ને સમર્પિત ગૃહસ્થસમાજને 'પ્રથમ પ્રભુ પછી પગલું' ભરવાનો આદર્શ આપ્યો. આવા ગુણાતીત સમાજનો અને એનું નિમિત્ત બનનાર વચ.ગ.છે.૨૬ના સંકલ્પને સાકાર કરતી ગુણાતીત જ્યોતનો ૫૫મો સ્થાપનાદિન. અને એના મૂળમાં ગુરુહરિ પપ્પાજીમહારાજનો ૭૦મો સાક્ષાત્કારપર્વ સ્મૃતિદિન.

હાલના સંજોગોને અનુલક્ષીને દ્રશ્ય-શ્રાવ્યના માધ્યમે દર્શન સુલભ થયાં. આજની સભાનો સમય સાંજે ૫ થી ૭:૩૦ રહ્યો એ પણ સ્મૃતિસમય હતો કે જ્યારે ૧૯૫૨માં આ પરમતત્ત્વનું તેજ ઝીલાઈ રહ્યું હતું. એ ક્ષણોમાં સૌને ડૂબવાનું સ્હેલું પડ્યું. ને એ જ સ્મૃતિસહ પ્રથમ સ્તુતિગાન સહિત સૌએ પંચાંગે પ્રણામ કર્યા. અને સ્વાગતભાવમાં ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સ્વરૂપોને હાર અર્પણ કર્યા. સુશોભનમાં સર્વ રંગોની એકતા ચિદાકાશી રંગોમાં શોભતી હતી. પુષ્પગુચ્છ સ્વરૂપોના આસન પાસે સ્થાન પામી સૌ ભક્તોને આવકાર આપી રહ્યા હતા.

ત્યાર બાદ ગુરુહરિ પપ્પાજીના મહિમામાં અને ગુણાતીત સ્વરૂપોના આશિષમાં ભીંજાયા. એ રસધારને સારરૂપે માણીએ.

**પૂ.ડૉ.વીણાબેન :** પપ્પાજીને જોગીબાપાએ સાક્ષાત્કાર કરાવ્યો. હિંદુ ધર્મ સનાતન ધર્મ કહેવાય. જેમ વાનરમાંથી મહામાનવ બનાવવાનો ઉત્ક્રાંતિનો

ક્રમ જાણે આજથી ચાલુ થયો. પપ્પાજી તો આજ દિનથી બાપા ભગવાન ને તેના સંબંધવાળા એટલે જ



અક્ષરધામ. વચ.ગ.પ્ર.૭૧ પૃથ્વી પર ચરિતાર્થ કર્યું. જોગીમહારાજે પોતાના જેવા જ પપ્પાજીને ઘડી દીધા. તેમાં તો આખી દુનિયામાં બદલાવ આવી ગયો. તેથી જ આજે ગુણાતીત સમાજનો સ્થાપનાદિન. આજ સુધી આપણે કેવી સરસ રીતે ૧લી જૂન ઉજવી છે ! પપ્પાજીએ બધામાં પાયા નાંખ્યા છે. પોતે જ ઝીલ્યું કે 'આ અક્ષરધામના મુક્તો છે.' તો આ વર્ષે જાણે બધાનું એક સાથે ઉત્થાન કરી દીધું. દરેક મંડળના ભાઈઓ, બહેનો, ગૃહસ્થોને સ્વરૂપોએ ધૂન ભજનથી બળિયા કર્યા ને કોઈ ઝાંખા ના પડ્યા. પપ્પાજીએ બધાને ભગવાન ધારવા એટલે શું ? તે આ વર્ષમાં સમજાવી દીધું. બધા બદલાયા, એકબીજા માટે સુહૃદધૂન કરી. પપ્પાજીએ બતાવ્યું કે આ મારું કાર્ય છે. પપ્પાજીએ જ્ઞાન, સ્મૃતિ જે કંઈ આપ્યું છે તે બધામાં સનાતન કર્યું. આપણને સંજોગો મૂકીને એમની રીતે વર્તાવી લીધા. પપ્પાજી પ્રગટ જ છે, સાથે જ છે.

હે પપ્પાજી ! આપના સ્વરૂપો બિરાજમાન છે. તમે પણ બિરાજમાન છો. આવો ને આવો કૃપાનો ધોધ વહાવજો ને જે કાંઈ શોકમય હોય તે ટાળી દેજો. પપ્પાજી વાસ્તવિકતા સ્વીકારાવીને આધ્યાત્મિકતામાં બદલી નાખતા. તેમ વ્યવહારિકતાને પણ આધ્યાત્મિકતામાં પલટી નાખી.

આપણા માટે ગુરુઓએ ખૂબ પ્રાર્થનાનો ધોધ વહાવ્યો. દરેક મંડળો સભા દ્વારા સુહૃદભાવના તાંતણે બંધાયા જ છે. ચારેય પાંખાળા સત્સંગને અમ સૌ બહેનોના જય સ્વામિનારાયણ.

**પૂ.ઈલાબેન વાઘેલા :** ઓહોહો કેટલા નસીબદાર! આવા ગુરુહરિની પ્રાપ્તિ થઈ ગઈ ! ક્યાંય



શોધવા નથી ગયા ! અમે તો સાવ કેવા છીએ તોય ગ્રહણ કર્યા ! પપ્પાજી કહેતા, 'થોડી ધૂળ ચડી ગઈ હતી. ફૂંક મારી ને તમે શુદ્ધ થઈ ગયા. હું કરાવીશ. હું બેઠો છું.' એમ બળ આપ્યું છે. આટલી સ્ત્રીઓનું કામ હાથમાં લીધું. આજે જગતમાં જોઈએ તો બધાને કેટલી ચિંતા છે ! પપ્પાજીને બાપાના વચનમાં કેટલી શ્રદ્ધા કે સુખ, શાંતિ, આનંદથી કરાવશે. ને તેમ થઈ રહ્યું છે. આપણે દુઃખી હોઈએ તો પોતાના સ્વભાવને કારણે.

પપ્પાજી ૧૬ વખત ઈંગ્લેન્ડ પધાર્યા છે. દર ૧લી જૂને અહીં હોય. કેટલી સ્મૃતિઓ આપી ! ન્યાલ થઈ ગયા ! આવા દેશમાં જ્યોત સ્થાપી ! એમને જરાય ચિંતા ન હતી ! બાપા પર શ્રદ્ધા હતી. બધુ બરાબર મનાવતા એ ગુરુહરિ. આટલી સરળતા ક્યાંય ન હોય. આવું સ્થાન, ગુરુઓ, ગુરુહરિ ક્યાંય ન હોય. કાંઈ સખ્તાઈ નહીં. ઉગાડ્યું જ છે. ગુરુઓમાં જોડી દીધા. તેમની રીતે વર્ત્યા તો સાધના છે જ નહીં. તો આ પ્રાપ્તિ થઈ એનો આનંદ માણ્યા કરીએ એ જ પ્રાર્થના.

**પૂ.પીયૂષભાઈ પનારા :** જે પ્રાપ્તિ થઈ તેની તો કાંઈ કલ્પના થઈ શકે તેમ નથી. કેટલી સુખે સુખે આપણી સાધના થઈ રહી છે. જો આવા સ્વરૂપો ન મળ્યા હોત તો કોણ સ્વભાવથી મુક્ત કરત ? તે દિવ્યકાર્ય પપ્પાજી કરાવી રહ્યા છે. પપ્પાજી, કાકાજી, બાએ આ સમાજની સ્થાપના કરી. કઈ કક્ષાએ તેમણે



યોગીબાપાને માન્યા હશે ! જ્યારે કોઈ ઓળખતું નહોતું ત્યારે એમણે ઓળખ્યા. પપ્પાજી કહેતા કે બધા પ્રગતિ કરતાં ચૈતન્યો છે. અત્યારે આ કાળમાં કેટલાય ધામમાં ગયા. તેમાં પપ્પાજીની દિવ્ય શક્તિને અનુભવાય છે.

અત્યારે લક્ષ્મણબાપા ને અશ્વિનભાઈ મોરબી ધામમાં ગયા. ખૂબ જ દુઃખદાયક ઘટના. બહેનોએ ખૂબ પ્રાર્થના કરી તો તે મુક્તોને બળ મળી ગયું. હરિભક્તોને મુશ્કેલી લાગતી હશે. આપણે જ્યોત પરિવાર સાથે જોડાયેલા રહીશું તો બળ મળી જશે. પપ્પાજીના સિદ્ધાંત પ્રમાણે જીવવું તે કરવાનું છે. પપ્પાજીને રાજી કરવા જીવવું તે સિવાય કાંઈ મોટી વસ્તુ નથી. તો પપ્પાજી કૃપા કરજો કે તમારા સિદ્ધાંતે જીવીએ.

**પૂ.દિલીપભાઈ ભોજાણી :** ત્રણ સમૈયા ભેગા. પપ્પાજીનો સાક્ષાત્કાર, બહેનોનું વ્રતધારણ, ગુણાતીત સમાજનો સ્થાપનાદિન.



પપ્પાજી ના મળ્યા હોત તો આપણે પણ જગતના બાકીના લોકો જેવું જ જીવતા હોત. નાની વાતમાં ખરાબ લાગી જાય, બુદ્ધિ દોરે તેમ જીવીએ, ને ફરિયાદો કરતા હોત. પ્રભુ પૃથ્વી પર આવ્યા ને કૃપા કરી. આવું સુખ મળશે તેવું કંઈ ખ્યાલ જ નહોતો. યોગીમહારાજે પપ્પાજીની ભેટ આપી. પપ્પાજીએ આપણા જીવમાં ગરજુ થઈને સ્થાન લીધું. તમે જે સુખ શોધો છો તેનાથી સુપીરીયર સુખ છે તે મારે આપવું છે ને તે આપવા પપ્પાજીએ આપણને કોઈ નિયમથી બાંધ્યા નથી. ‘ખાઈ, પીને આનંદ કરો ને મુક્તોમાં મહારાજ જુઓ.’ તેના માટે બળ માંગવાનું કહ્યું. જેમ જેમ જીવતા ગયા તેમ સુખની અનુભૂતિ થતી ગઈ. સ્વભાવનું પરિવર્તન કઠણ છે પણ પપ્પાજીના બળે કરી રહ્યા છીએ. આગળ જવાની અભીપ્સા રહે છે. ૧૯૫૨થી ખૂબ આપણી પાછળ મહેનત કરી છે. કેટલા પ્રવચન કર્યા ! વચનામૃત, સ્વામીની વાતુનું નિરૂપણ કર્યું. પ્રભુને કર્તાહર્તા માનો તે કહ્યા જ કર્યું. પોતે વર્તીને બતાવ્યું. તેવા સંતો, બહેનો, યુવકો, ગૃહસ્થો બનાવી દીધા. પપ્પાજીનું ઋણ કઈ રીતે અદા કરી શકીશું ? ખરેખર પપ્પાજી ખૂબ કૃપા કરી જીવમાં બેસી ગયા. ‘જીવવા માંડો, હું બેઠો છું.’, ‘બહેનોની સેવા કરો.’ તેમ અંતરમાં રહ્યા કરે છે.

પ્રભુ ! તમારા થઈને જીવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.તમારી કૃપાની કદર કરીએ ને સાચા અર્થમાં તમારા થઈ જીવવાનો પ્રયત્ન કરીએ એ જ પ્રાર્થના.

**પ.પૂ.ભરતભાઈ મહેતા :** કાકાજી, પપ્પાજીએ આધ્યાત્મિક ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવું અદ્‌ભુત કાર્ય કર્યું. કાકાજી, પપ્પાજીને સાક્ષાત્કાર થયો તેમાંથી જે વાત આવી તે યોગીમહારાજ પ્રભુનું સ્વરૂપ છે. તેમનું સેવન કરવાથી અંતરમાં જાગૃતિ આવે



છે. તે સેવન કેવી રીતે કરવું એ કાકાજી, પપ્પાજીએ શીખવાડ્યું. સમગ્ર સમાજને તેની દૃષ્ટિ આપી.

યોગી ભગવાન છે. તે વાતનો બુંગિયો ફૂંક્યો. તે સમયે આ વાત કરવી ખૂબ અઘરી હતી. અપમાનો સહન કરીને પણ સમજાવ્યું. કાકાજી, પપ્પાજીએ ભેગા મળીને આખા સમાજને જાગ્રત કરી દીધો. અને તેને લીધે યોગીમહારાજની ૫૧ સંતો બનાવવાની ભાવના પૂરી થઈ. તેમાં કાકાજી, પપ્પાજી, બા, કાંતિકાકાએ યાહોમ કર્યું. પોતાના દીકરા પણ આપ્યા. તેવું જ ૫૧ બહેનો ભગવાન ભજવા તૈયાર થઈ. પપ્પાજી બાપાને પૂછવા ગયા કે કાંતિભાઈની બહેનોનું શું કરવું ? ને બાપાએ કહ્યું કે 'ભગવાન ભજે તો શું ખોટું છે. તે કામ તમારા દ્વારા થશે.' ને આજે જોઈએ છીએ કે આટલાં બહેનો એકસાથે રહીને ભગવાન ભજે છે. આધ્યાત્મિક ઈતિહાસમાં સુર્વણ અક્ષરે લખાઈ ગયું. કાકાજી, પપ્પાજીના આ કાર્યો સાફ દેખાય છે. તેના ફળ આજે આપણે માણીએ છીએ.

બીજું એમણે કાર્ય કર્યું તે ભગવદી સંતો ઘડ્યા. તેનાથી સાધનામાં સ્પીડ આવી ગઈ. 'સંબંધવાળામાં મહારાજ જુઓ' તે સૂત્ર પપ્પાજીએ આપ્યું. પપ્પાજીના અસ્થિવિસર્જનની યાત્રા દરમ્યાન બહેનોએ દરેક ભક્ત આવ્યા તેને પપ્પાજીનું સ્વરૂપ માની સેવા કરી. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ માહાત્મ્યથી સેવા કરી પપ્પાજીના સૂત્ર પ્રમાણે વર્તીને બતાવ્યું.

બસ પપ્પાજીની સ્મૃતિઓ ઈદમ કરી દઈએ. પપ્પાજી કહેતા કે ગુણાતીત સ્વરૂપ પાસે નીરવ થઈને જઈએ તો એમનો અવાજ સંભળાશે. આ પુરુષો પાસે સામર્થ્ય હતું. તેમની પાસે ક્લીયર વિઝન હતું કે યોગીમહારાજને શું કરાવવું છે. તો જ એક બાજુ વિમુખ કર્યા ને બીજી બાજુ બહેનોને વ્રત આપ્યું. તેમના ચરણોમાં કોટિ કોટિ વંદન કરી પ્રાર્થના કરીએ કે તમે બળ, બુદ્ધિ ને પ્રેરણા આપજો કે સંપ, સુહૃદભાવ, એકતાના માર્ગે, નિર્દોષબુદ્ધિના માર્ગે અમે હંમેશા ચાલીએ ને તમારા અંતરમાં શાંતિ રહે તેવા અમારા વિચાર, વાણી ને વર્તન કરીએ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** કેવળ, કેવળ શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજે કૃપા કરી. સ્વપ્નેય



ખ્યાલ નહોતો. કાકાજી પપ્પાજી કહેતા કે આ ચકલીઓ શું અક્ષરધામનું સુખ ભોગવે ? આપણે કેવા હતા ને ક્યાં મૂકી દીધા ! કેવા આપણા સ્વભાવ-પ્રકૃતિ વિલીન કરી દીધા ને કરી રહ્યા છે. પપ્પાજીને સાક્ષાત્કાર કરાવ્યો ને પપ્પાજીએ આપણા સૌના જીવનમાં યોગીબાપાનું સ્થાન મુખ્ય કરી દીધું. જે કાંઈ કરી રહ્યા છે તે એ કરી રહ્યા છે. ને સૂત્ર આપી દીધું :'સબંધવાળામાં મહારાજ જુઓ.' બધા માટે અક્ષરધામનું સુખ ભોગવવાનાં દ્વાર ખુલ્લાં થઈ ગયાં. તે અનુભવીએ, ભોગવીએ ને આપી શકીએ. આજે આનંદનો દિવસ. કોઈએ કાંઈ સાધના નથી કરી. અડફટમાં આવ્યા ને ફાવી ગયા. પ્રાપ્તિનો આનંદ આપણેય કરવાનો, સંબંધમાં આવે એને ય આપવો. પપ્પાજીને કોઈ ભેદભાવ નહોતો. સવારે ઊઠીને એક વિચાર કરવો કે ખૂબ નસીબદાર છીએ. એજ કરવાનું છે ને એવું કરવાનું પપ્પાજી ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

**પ.પૂ.દીદી :** પપ્પાજી ઘણીવાર કહેતા કે 'હું



પરમહંસ છું.' એ સ્વયં સ્વરૂપ. આપણા માટે ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો. સ્ત્રીઓનું કાર્ય કરવાનું. એ અનુભૂતિ આપણને થઈ. આપણને ઓળખાયા તેનો આનંદ કરવો. આપોઆપ આપણાથી નક્કી થઈ ગયું કે મારે ભગવાન ભજવા છે. એવી પપ્પાજીની સામર્થિ ! કેટલું બધું પોતાનું દિવ્ય તત્ત્વ એમણે વહેતું મૂક્યું. અનંતવાર હઠ, માન, ઈર્ષામાંથી સરળતાથી બહાર કાઢ્યા. કોઈની ફરિયાદ કરીએ ને એ સાંભળી લે ને સંકલ્પ માત્રે ટાળી કોઈ આજ્ઞા નથી આપી. એ પપ્પાજી આપણો પ્રાણવાયુ છે. આપણે પ્રાર્થના કરીએ એટલે એ પ્રસંગ યોજે ત્યારે બળ માગીએ ને એ પર કરે. ત્યાગી કે ગૃહી સૌને પ્રકૃતિ છે. સૌને એકાંતિક બનવું છે. સત્પુરુષને માણ્યા ક્યારે કહેવાય ? તેનું વચન પાળીએ. સ્મૃતિ કરીએ. વચન ન પાળીએ તો અંતરમાં બળતરા થાય. ત્યારે આપણે ભજન કરીને માફી માગીને પર થઈ જઈએ તેવું આપણે કરવું છે હં.



ત્યારબાદ પૂ.ફાલ્ગુનીબેન અને પૂ.પૂર્વીબેન પટેલે પપ્પાજીને કેક અર્પણ કરી ને પ.પૂ.પદુબેને કર્તન કર્યું.

પ.પૂ.ગુરુજી (દિલ્હી) : જેમ શાસ્ત્રીજીમહારાજ, યોગીજીમહારાજ વગર સંસ્થાની કોઈ કલ્પના ન થઈ શકે તેમ કાકાજી, પપ્પાજી, બા વગર ગુણાતીત સમાજ કે ગુણાતીત જ્યોતની કલ્પના પણ ન થઈ શકે. કાકાજી નિર્દોષબુદ્ધિનું, આત્મીયતાનું સાકાર સ્વરૂપ હતા.

સ્વામીની વાતમાં કહ્યું છે ભક્તમાં આત્મબુદ્ધિ એ જ સત્સંગ. એ વાત પપ્પાજીમાં જોઈ શકાતી. યોગીમહારાજનો સંબંધ જ સર્વમાં જોયો છે. જેમાં બધા ભેદ આપમેળે લુપ્ત થઈ જાય છે.

૩૧ મે, ૧૯૯૨માં અમેરીકામાં આર.ડી.કાકાને વચ.ગ.પ્ર.૭૧ સમજાવતા પપ્પાજીએ કહેલું કે, 'બાપા મારો સાક્ષી ભેદી જાણે મારામાં સમાઈ ગયા.



ત્યારબાદ મારા વિચાર, વાણી, વર્તનમાં બાબુભાઈનું અસ્તિત્વ જ ન રહ્યું. ત્યારથી જોગીના દાસ બની તેના સંબંધવાળાનો દાસ થઈ વર્ત્યો.' ખરેખર પપ્પાજીએ દરેક મુક્તને બ્રહ્મનિયંત્રિત, નિર્દોષ જીવનમુક્ત માનીને અપ્રતિમ દાસત્વનું દર્શન કરાવ્યું છે. કાકાજી, પપ્પાજીના જતનથી ગુણાતીત સમાજ તૈયાર થયો છે. આજના શુભ દિને ભગવાન સ્વામિનારાયણ, ગુણાતીત સ્વરૂપોના ચરણે પ્રાર્થના કે કાકાજી, પપ્પાજીએ અમારા જતનમાં કોઈ કસર નથી રાખી. તેઓ જેમ પોતાના સ્વરૂપ પ્રતિ જે પ્રામાણિકતાથી વર્ત્યા એ વારસો અમે પણ કાયમ રાખીએ.

આશીર્દાન પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી :



ખરેખર સુખી થવાની ભાવનાવાળા, પ્રભુના જ થઈને જીવન જીવવાની રુચિવાળા મુક્તો માટે મહારાજે ખૂબ કૃપા કરી. આપણે કોટિ સાધન કરીએ, આપણી કોઈ એવી તાકાત નથી કે આપણા ઈંદ્રિયો, અંતઃકરણ સ્થિર બને. અંતરના ઉંડાણમાં જઈને વિચારીએ. વર્ષોથી સત્સંગમાં આવ્યા પછી પણ આપણા સમ્યક




દોષનું દર્શન કરી શકતા નથી. મહારાજે એ કૃપા કરી કે એવા ગુણાતીત સ્વરૂપ થકી હું અખંડિત રહીશ. બાકી તો આપણે શેક્યો પાપડ ભાંગી શકીએ એમ નથી. પપ્પાજીનો બાપા સાથેનો સંબંધ, તેમની સાથેની સરળતા, વફાદારી તો હરેક પ્રસંગે બાપાનો જ સ્વીકાર. આ સંબંધને આગવો બનાવવાના બાપા સાથેના દિવ્ય પ્રસંગો અને એ પ્રસંગોને પપ્પાજીએ અદ્ભુત રીતે સ્વીકાર્યા. જેના ફળસ્વરૂપે દુનિયામાં કોઈપણ સાધક જો ૪-૫ વર્ષ સુધી એ પ્રસંગોનું એકધાર્યું મનન, ચિંતન કરીને, ખટકો રાખીને, જાગ્રત રહીને, ભજન કરીને, બળ માગીને એવો સંબંધ પપ્પાજી સાથે કરવા તત્પર બને તો એ ખરેખર અંતરથી સુખી થઈ જાય. ખરેખરો દીકરો થઈ જાય. એવું અદ્ભુત જીવન પપ્પાજીનું છે.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :**



આપણે અલ્પ સંબંધવાળામાં યોગીમહારાજ જોઈને એની સેવા કરી લેવી. યોગીજીમહારાજનું યથાર્થ માહાત્મ્ય સમજીએ તો એ મુક્તની હઠ, માન, ઈર્ષાની પ્રકૃતિ પ્રભુ પોતાની રીતે વાપરશે. કાળ, કર્મ, માયા થકી પર માનીએ છીએ તો સંબંધવાળાની પ્રકૃતિ તે જ વાપરે છે ને ! માટે કોઈની પ્રકૃતિ દેખાય તો પણ જોવી નહીં. સદ્ગુરુઓ ચૈતન્યદર્શી છે. તે રૂપાંતર કરવા જુએ, કહે ને ટાળે પણ બાકીનાએ માહાત્મ્યેયુક્ત સેવા કરી મૂર્તિ લૂંટી લેવી. પોતાની સ્થિતિ કરી લેવી. ગરજુ થઈને સેવા કરો, દિવ્યભાવ રાખી ખમો. કોઈ ગુસ્સાવાળું હોય તો ખમી લેવું. આપણી ગણતરીમાં ના આવ્યું તે ખરાબ. ને ગણતરીમાં આવે તે સારું તેવું નહીં. સંબંધે સ્વરૂપ માની સેવા કરી લેવી. તેના આશ્રિતની પ્રકૃતિ પ્રગતિ માટે વાપરશે. આ આવો ને તેવો, બધા ભગવાન થવા માંગે છે. ને ફલાણો આવો ને તેવો કરીએ પણ સંબંધ જોઈ સેવા કરી લેવી. સુખ જાય નહીં તે છતીદેહે અક્ષરધામ. સૌ કોઈ એવું સુખ ભોગવતા થાય તે જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.સાહેબજી :** સૌ પ્રથમ સાહેબજીએ આ વર્ષે ઘણાં અક્ષરમુક્ત અક્ષરનિવાસી



થયા તેમને સંભારીને, તેમની સેવાભક્તિને બિરદાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

પપ્પાજીનો અપરંપાર મહિમા છે. આપણને આવા ગુણાતીત સમાજમાં ભક્તિ કરવાનો ચાન્સ મળ્યો. લોકડાઉનમાં અખંડ કથાવાર્તા, ધૂન, ભજન કરવા મળે છે તેને કારણે હૈયામાં માહાત્મ્ય વધી રહ્યું છે. મને ભૂતકાળની સ્મૃતિઓ થઈ ગઈ. તે વગર કરવા જેવું છે શું ? ૧૯૬૪માં જયંતિકાબેનનું લગન હતું. કાકાજીની ઈચ્છાથી અમે હાજર રહ્યા હતા. બધી વિધિ ચાલતી હતી. સોનાબાનાં પ્રથમ દર્શન થયાં. એમણે કહ્યું, 'ઉપર બાબુભાઈને મળો.' ત્યારે અમે પહેલીવાર બાબુભાઈનાં દર્શન કર્યા. પપ્પાજી ધ્યાનસ્થ બેઠા હતા. તેમની દિવ્ય મૂર્તિ હૃદયમાં કંડારિત થઈ ગઈ. તે મૂર્તિ આજેય ઈદમ છે, ને તેમને શુકદેવજી અને પરીક્ષિતની વાત કરી તે પણ યાદ છે. આપણી સાધના ગુરુરૂપ થવાની છે તે વાત પહેલાં જ દર્શને કરી.

તેવો જ બીજો પ્રસંગ. ૧૯૬૫માં ગોંડળમાં અમે કાકાજીના સાંનિધ્યે બેઠા હતા. પપ્પાજી આવ્યા તો એ પણ નીચે અમારી સાથે બેસી ગયા. કાકાજી કહે, 'તમે વડીલ બંધુ છો. તમે નીચે બેસો તે ના શોભે.' પપ્પાજી કહે, 'બલરામ કૃષ્ણ કરતાં મોટા જ હતા ને!' આ જવાબથી મને પપ્પાજી માટેનો જે આદર હતો તે બહુ વધી ગયો. કેવું અરસપરસનું માહાત્મ્ય ! આ અક્ષરધામ.

બાપાએ ૧૯૬૩માં અમને આજ્ઞા કરી કે તમારે દાદુભાઈની આજ્ઞામાં રહેવાનું છે. ત્યાર પછી અમે બાપાને પૂછવા નથી ગયા. કાકાની આજ્ઞા આવે તેમ જીવ્યા. કાકાજીએ બાપાના સ્વરૂપ તરીકે અમારા હૃદયમાં સ્થાન લીધું. ૧૯૬૬માં ખૂબ ખળભળાટ થયો. ઘણા બધા આવીને અમને સમજાવતા પણ બાપાની કૃપાથી કાકા, પપ્પા માટે એક વાળ જેટલોય મનુષ્યભાવ અમને આવ્યો નથી. ક્ષણમાત્ર એમની સાથે રહેવામાં કે આજ્ઞા પાળવામાં ઉત્સાહ, ઉમંગ ઓછો થયો નથી.

એકવાર બાપા પુરુષોત્તમપુરામાં બિરાજમાન હતા. દાદુકાકાને મુંબઈથી બાપાએ બોલાવ્યા. ને કાકા અમને લઈને ગયા. પપ્પાજી પણ હતા. અમે બધા જમવા બેઠા હતા. કાકાજીએ પૂછ્યું, 'દિવાળીબા બીમાર છે ને તમે કહ્યું'તું કે હું મુંબઈ આવી જઈશ ને તમે આવ્યા નહીં ?' પપ્પાજી કહે, 'મારી ટિકિટ હતી જ. પણ બાપાએ આજ્ઞા કરી એટલે આવ્યો. પણ તમે શું કામ આવ્યા?' કાકાજી કહે, 'મને ય આજ્ઞા કરીને બોલાવ્યો.' તો પપ્પાજી કહે, 'એમને અક્ષરધામમાં લઈ જનારા અંદર શાંતિથી જમે છે. તો આપણે શું કામ ચિંતા કરવી ? લઈ જનાર તો એ છે.' ...કાકાજી, પપ્પાજી યોગીરૂપ હતા. આવાં દર્શનથી જ એમનું માહાત્મ્ય હૈયામાં વધતું ગયું. દિવાળીબા ધામમાં ગયાં તે સમાચાર આવી ગયેલા. પપ્પાજી કહે, 'બાપા દિવાળીબાને ધામમાં લઈ ગયા.' ત્યાં નાની છોકરી રમતી હતી તો પપ્પાજી કહે, 'હવે આવી નાની દીકરીમાં લાવીને કામ શરૂ થશે એમનું.' આવી વાતો તો અમે પહેલીવાર સાંભળી. ત્યારે થયું કે આ કેવા દિવ્ય પુરુષ હશે ! એટલું એડવાન્સ આધ્યાત્મિકતાનું લેવલ હતું કે કલ્પનામાં ન આવે ! એવા દિવ્ય પુરુષોના સાંનિધ્યમાં આપણે સાધના કરી. કેવો આનંદ થાય !

મે મહિનો ગુણાતીત સમાજ માટે બહુ મહત્વનો છે. ૧૯૬૬માં મે મહિનામાં બહુ હોબાળો થયો. અમને ૧૧ જણને દીક્ષા આપવાની હતી. બાપાની જન્મજયંતી હતી. ૧૫, ૧૬, ૧૭ સમૈયો હતો. ૧૩મીએ બાપાએ કહ્યું, 'તમને ૧૧ જણને દીક્ષા આપવી છે. પણ વસ્ત્ર ભગવા કરતાં હૃદય ભગવું કરો.'

૧૪મીની મૂર્તિ પ્રતિષ્ઠા બંધ રહી, જ્યોતનું ઉદ્ઘાટન બંધ રહ્યું. પણ પપ્પાજી, કાકાજીના મુખારવિંદ પરનાં જેણે દર્શન કર્યા હોય તેને ખ્યાલ આવે કે ગુણાતીત અવસ્થાનું દર્શન શું ! બંનેના મુખારવિંદ પર બાપા તરફની ભક્તિ, તેમને જ રાજી કરવાનો જ ભાવ. તે ગુણાતીત અવસ્થા. શાંતિભાઈ, અશ્વિનભાઈએ જ્યોતના મંદિરની મૂર્તિનો નકશો સ્ટેજના ડેકોરેશનમાં મૂકી દીધો. છેલ્લે બાપા, પ્રમુખસ્વામી, મહંતસ્વામીએ એની આરતી ઉતારી.

૨૧મી મેએ બાપાએ અશ્વિનભાઈને બોલાવી તેમને વિદ્યાનગર જવાનું કહ્યું. એ પણ કોઈપણ પ્રશ્ન પૂછ્યા વગર નીકળી ગયા. વિદ્યાનગર ગલીમાં પ્રવેશ્યા ત્યારે જેમ ભગતજીને જોઈ ગુણાતીતાનંદસ્વામી ઊભા થઈ ગયા તેમ અશ્વિનભાઈને આવતા જોઈ પપ્પાજી એકદમ ઊભા થઈ ગયા ને નજીક આવ્યા ત્યારે સહજભાવે બોલ્યા, 'અહોહો ! મારો દીકરો આવી ગયો.' એમ કહી બાથમાં લઈ લીધા. જે બાપાએ અશ્વિનભાઈને મોકલ્યા એ જ બાપાએ એનો સ્વીકાર કર્યો. એ બાપારૂપ પપ્પાજી ! ભગવે કપડે યોગીબાપા આ કપડે પણ પપ્પાજીમાં હતા તેનું દર્શન કરાવ્યું.

બાપાએ કાકાની આજ્ઞામાં રહેવાનું કહ્યું. એ કાકાએ ૧૯૬૬માં પપ્પાજીની આજ્ઞામાં રહેવાનું અમને કહ્યું. ત્યાર પછી અમે પપ્પાજીની આજ્ઞામાં રહ્યા. કોઈ વિક્તી થઈ નથી. બસ પપ્પાજી બાપા સ્વરૂપ મનાઈ ગયા.

શાંતિભાઈને પપ્પાજીનો અલગ જ સંબંધ. આનંદ કરાવવાનો. રતિભાઈ અને વી.એસ.ને પપ્પા સાથે દાસત્વભાવનો સંબંધ. પપ્પાજી જે કહે તેમાં 'હાજી.' કોઈ દલીલ નહીં, વાતચીત નહીં. અને તે આજ્ઞા પાળવામાં પોતાનું સમગ્ર તંત્ર લગાડીને કાર્ય કર્યું છે.

આવા દિવ્ય પુરુષોએ આપણને ખૂબ આપ્યું છે. અમને તો આ રીતે સાધુ થવાની કોઈ કલ્પના ન હતી. તે કાકા, પપ્પાને આધારે થયું. આખી સ્પીરીચ્યુલ કેડી કંડારવા આવ્યા હતા ને તે કરીને ગયા. આપણે તેમના કાર્યને શોભાડીએ. આવા દિવ્ય પુરુષો આપણા માટે જે કરીને ગયા, જે આપીને ગયા તેનું ઋણ અદા કરવાનો સમય છે. આપણે ઋણ તો શું અદા કરીએ? પણ હળીમળીને સંપ, સુહૃદભાવ, એકતા રાખીને ભક્તિ કરીએ તો એ અંતરથી રાજી થશે. કરનારા, આપનારા, બધુ પ્રસરાવનારા એ છે. એમની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ આપણો ઉદેશ છે. એમના થઈને જીવન જીવવું તે જ આપણું ધ્યેય છે. એમનારૂપ થઈને એમની ભક્તિ અદા કરવી એ આપણો આદર્શ છે. તે ચૂકી ન જઈએ તેવું જાણપણું પપ્પાજી, કાકાજી આપણી પાસે રખાવે.

શરૂઆતનાં બહેનોને ખ્યાલ હશે કે ૧૯૬૦ થી ૭૦ ના દસકામાં એટલા બધા વિસ્ફોટ થાય પણ કાકાજી, પપ્પાજીએ આપણને સૌને યોગીમહારાજની મૂર્તિમાં રમમાણ કરીએ, એ રાજી થાય એવા વિચાર, વાણી ને વર્તન કરીએ, કોઈને વિષે કાંઈ વિક્તી કર્યા વગર બાપા સામે જોઈને જીવન જીવ્યા કરીએ એવી અદ્ભુત લીડરશીપથી જતન કર્યું છે.

હે પપ્પાજી ! આપના અક્ષરમુક્તોનો મહિમા સમજવામાં જે કંઈ કસર રહેતી હોય તે આપ ટાળી દેજો. આપ અંતરથી રાજી થાવ એવું ધ્યેય લઈને અમે નીકળ્યા છીએ તો એવું અમારું જીવન બનાવજો. જેને જ્યાં મૂક્યા છે ત્યાં પ્રામાણિક્તાથી, વફાદારીથી આપની ભક્તિ કરીએ. હળીમળીને નિર્દોષભાવે ભક્તોની સેવા સદાય કર્યા જ કરીએ. આપની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવી જ છે. તે ધ્યેય પર પહોંચીએ તેવા હે પપ્પાજી! આપ આશીર્વાદ આપજો અને સર્વે સ્વરૂપોના ચરણે પણ પ્રાર્થના.

વિશેષમાં આ વર્ષના પર્વોનું સ્મૃતિદર્શન કરાવતાં સ્મૃતિપ્રતીકનું મુક્તાર્પણ પૂ.દક્ષાબેન પટેલે પૂ.દીદીના હસ્તે કરાવી સ્મૃતિસભર કર્યા.



અંતમાં ઓહોહો ! શું મહિમા ? શું સ્મૃતિઓ ? શું આ પ્રાપ્તિ ! શું સરસ લાભ મળ્યો ! આવા ભવ્ય આનંદે ભર્યા ભર્યા થઈ, સ્મૃતિસંભારણા વાગોળતા વાગોળતા આરતીના ઘંટારવે ભક્તિરસમાં તરબોળ થતા સૌ પોતાના સ્થાનકે પધાર્યા.

## તા.૧.૬.૨૦૨૧ : નિયમ ગ્રહણ ભક્તિયજ્ઞના પ્રારંભે...

૧લી જૂનની મંગલપ્રભાતે અતીતની પ્રભુસ્મૃતિઓને ઈદમ્ કરી જ્યોત ગાજતી રહી. લીલા ચરિત્રો માણવાની બહુ મજા આવી. અને સવારની સભામાં 'ભક્તિયજ્ઞ'નો આરંભ થયો. આખો જૂન મહિનો મનને નિષ્કામ બનાવવાના યત્નમાં સર્વ સાધકોએ નિયમો ગ્રહણ કર્યા. જેવાં કે – મંત્રલેખન, પ્રદક્ષિણાભાવ, પંચાગે પ્રણામ, સ્વામીની વાતુનો પાઠ, સ્વાધ્યાય પાઠ, નામાવલિ પાઠ, ભજન પાઠ, મહાપૂજા પાઠ, જપયજ્ઞ પાઠ, ઓરડા પાઠ. અને આ નિયમોના પાલન માટે પ.પૂ.દીદીએ દીપપ્રાગટ્ય કરાવ્યો અને સદ્‌ગુરુ સ્વરૂપોએ સુહૃદપ્રાર્થનાના દોરે બાંધી આ 'ભક્તિયજ્ઞ'નો શુભારંભ કરાવ્યો. જેના ભક્તિસાગરમાં સૌ ઝબોળાયા અને સ્વરૂપોના આશિષરૂપી છત્ર સાથે સૌએ નિયમો ધાર્યા.







## તા.૧.૬.૨૦૨૧ : ગુરુહરિ પપ્પાજી સાક્ષાત્કાર પર્વ નિમિત્તે કીર્તન રસલ્હાણ...







રાત્રે કીર્તનઆરાધનામાં મહારાજના વચનામૃતને ગુરુહરિ પપ્પાજીએ વાગોળી વચ.ગ.પ્ર.૭૧, કા.૧, કા.૭ અને છે.૨૬ સાકાર કર્યું. એ ગુરુહરિ પપ્પાજીએ તારદેવ અક્ષરધામના તખતમાં સ્વયમ્ સ્ફુરણાએ ૨૧ મુદ્દા રૂપે વચન અમૃત આપ્યા. એની આછી ઝલક સાથે માહાત્મ્યભર્યા કીર્તનોમાં સૌ લયલીન થયા. અંતમાં સ્વરૂપોના આશિષ લીધા તે માણીએ.

**આશીર્દાન પ.પૂ.દીદી** : આજે ૧લી જૂનનો કેટલો સરસ દિવસ. પપ્પાજીને સાક્ષાત્કાર થયો ને આપણું કાર્ય હાથમાં લીધું. આપણું આખું જીવન બદલી કાઢ્યું. ધ્યેય બદલી કાઢ્યું. કેવો કપરો અવસર હતો ! જપયજ્ઞના હૉલમાં અમને વ્રત આપેલું. તે આજનો દિન અમારો વ્રતધારણદિન છે. આ સમય એવો હતો કે બધી બહેનોને ઘરભેગી કરી દેવી તેવું બધું હતું. પણ પપ્પાજીની સામર્થિ જોઈએ તો વિમુખ થયાના ચોથા દિવસે જ કાષાંબર વસ્ત્રો ધારણ કરાવ્યાં. આજે તેનાં પરિણામ કેવા ઉત્તમ આવી ગયા! જોગીબાપાએ પપ્પાજીને કામ સોંપ્યું તે પાર પાડવું જ તેવી દ્રઢતાથી પપ્પાજીએ આ કાર્ય કર્યું છે.



૧૯૫૨માં ૩૬ વર્ષની ઉંમરે આ કાર્યની સોંપણી બાપાએ કરી. તારા-જ્યોતિ માટે પૂછયું ને બાપાએ કહ્યું કે, 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?...' ૧૯૬૩માં બાપાએ પપ્પાજી, કાકાજીને બહેનોનું જુદું કરી આપવાનું કહ્યું. એ બંનેને તો જોગી શું આજ્ઞા આપે છે એ જ જીવન. અમને એવું થાય કે પપ્પાજી અમારી સાથે નહીં હોય તો ધ્યેય પૂરું કરાવશે કોણ? ભીતરની સાધુતા કોણ આપશે ? સંકલ્પ પણ ન ઉઠે તે માટે પ્રત્યક્ષ સાંનિધ્યની જરૂર છે. બાપાને કેવી રીતે જણાવવું ? પપ્પાજીને જુદા તો રાખવા જ નથી. બાપાએ એવું જ કર્યું. આજ્ઞા સ્વરૂપે પોતે ને પ્રત્યક્ષ સ્વરૂપે કાકાજી-પપ્પાજીને રાખ્યા.

આખો ગુણાતીત સમાજ સ્થાપવો તે બાપાનું કાર્ય હતું. શાસ્ત્રીજીમહારાજે બહુ શૂરવીરતાથી સ્થાવર મંદિર બનાવ્યાં. જોગીમહારાજ પોતે ભગવાનનું સ્વરૂપ છે તે બતાવવા કાકાજીને સાક્ષાત્કાર કરાવ્યો. જોગીબાપાએ ૫૧ સાધુ બનાવ્યા, જંગમમંદિરો તૈયાર કર્યા. બહેનોને વચ.છે.૨૬ સિદ્ધ કરાવવા જ્યોતિબેન, તારાબેનને ભગવાન ભજવાનું કહ્યું. જોગીએ બહેનોનો સંકલ્પ સિદ્ધ કર્યો ને કાકાજી-પપ્પાજીને કાર્યક્ષેત્ર આપ્યું. પપ્પાજીએ એકોએક ઉપર ધ્યાન આપ્યું છે. શરૂઆતમાં આટલી બાદશાહી નહોતી. પણ અમને સહેજ પણ ચિંતા ન હતી. એટલો સરસ ભગવાન ભજી લેવાનો સમય હતો.

આપણા દિવ્ય ભાઈઓ મળ્યા ! ગૃહસ્થો મળ્યા. હરિપ્રસાદસ્વામીજી ને અક્ષરવિહારીસ્વામીજી ૪૦ સંતોને લઈને બાપાને મળવા નીકળેલા. પાછા ગયા તો દરવાજા બંધ પણ બીજે દરવાજા ખુલ્યા. તો અત્યારે




તેમનો કેટલો મોટો સમાજ થઈ ગયો ! સાહેબજીનો પણ કેટલો મોટો સમાજ થઈ ગયો!

આપણે આપણી પ્રગતિનો વેગ વધારવો પડે. મનમાં નક્કી કરવું પડે. જે કરવાનું છે તે કરી લો. આંતરિક રાંકભાવ દાસભાવ ન રહે તે રાખવો છે. મારામાં જેટલી કચાશ હોય તે ટળવી જ જોઈએ જો પ્રાપ્તિ કરવી હોય તો. ત્યાગી કે ગૃહી જેને કરવું હોય તેને માટે ઉઘાડેછોગ મૂક્યું છે. ગૃહસ્થો પણ એવા સ્થિતિવાળા છે. એમના સમર્પણ તો જુઓ. આપણે રહી ન જઈએ. વેગ લગાડો. શ્વાસ છે, તાકાત છે ત્યાં સુધી કરી શકાશે. પછી કેવી રીતે થશે ? પપ્પાજી, આપે કહ્યું છે કે હું તમને અધૂરા નહીં મૂકું. અમને પણ લાગે છે કે તમે સાથે જ છો. પપ્પાજી ! તમે મળ્યા છો તો ધ્યેય સિદ્ધ કરાવી જ આપશો.

હવે તો માહાત્મ્યેયુક્ત સેવા એ જ આપણું જીવન. એ વગર જે રાખીએ ત્યાં મુશ્કેલી આવે છે. તમારી પ્રસન્નતા અમારા પર નિરંતર રહ્યા જ કરે. ક્યાંય આઘાપાછા હોઈએ તે બતાવી દેજો. સુખ,શાંતિ, આનંદથી પ્રાપ્તિ કરાવી આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજઃ** આજથી નવો યુગ, ભજનનો યુગ બેસે છે. વચ.ગ.પ્ર.૭૧ – એની સ્મૃતિએસહિત બોલીએ તે જ્ઞાન. What I did this day ? અત્યાર સુધીના માનસિક ભૂમિકાના જ્ઞાન



કાઢી નાખજો. દરેકની રીત માન્ય છે. આપણે સ્મૃતિએસહિત જપયજ્ઞનો આશરો લઈએ. આટલા બધાં ભક્તોનો જપયજ્ઞ બોલાય તો ધડાકો બોલી જાય. માનસિક ભૂમિકાથી પર છલાંગ મારવી છે.

મારે વિશે કોઈનેય હેત થાય તેનું પુણ્ય થઈ જાય. આપણે જ્ઞાનસમાધિ છે. નિર્દોષબુદ્ધિ ગુરુ ને ગુરુહરિને વિશે રાખવી છે. ત્રિકાળમાંય મનુષ્યભાવ નથી લાવવો તે માટે સાધના કરી, તું ને તારા દિવ્ય, હું ને મારા માયિક તે નિશ્ચય થયો. તે ઈંદ્રિયો અંતઃકરણને મનાવવા સાધના કરી. ઉપરછલ્લી પ્રકૃતિ હોય તેની મહારાજને કિંમત નથી. તો તમારે શું કામ છે ? કૈવલ્યમૂર્તિ માનો. વ્યાપકમાં જોતા થવું છે. જપયજ્ઞ ને લીલા જોવાની પ્રેક્ટીસ કરવી છે.

નવો યુગ ભજનનો શરૂ થયો. માનસિક ભૂમિકાથી છલાંગ મારી વહેલામાં વહેલી તકે સૌ કોઈ માહાત્મ્યસભર જીવતા થઈ જાય તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

આ જ્ઞાનસત્ર સ્મૃતિદિનની પૂર્ણાહુતિ કરતાં આખા મહિનાના ભક્તિયજ્ઞના નિયમો લઈ સૌ શયનખંડે પ્રભુસ્મૃતિમાં લીન થયા.

## તા.૭.૭.૨૦૨૧ : પ.પૂ.દીદીના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...



પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ વર્ષ સાથે ઉજવાતી ગુણાતીત ગરિમા પર્વના આનંદ સાથે ગુણાતીત જ્યોતના મહંત શ્રી પ.પૂ.હંસાદીદીના ૬૫મા સાક્ષાત્કારપર્વની ઉજવણીમાં સૌએ કૃપાસ્મૃતિનો અલભ્ય લાભ લીધો. સાધના સાધના ન લાગે તેવું જતન કરનાર સર્વદેશી, સર્વગુણસંપન્ન. પ.પૂ. દીદીના આ અવસરને માણતા સભાસંચાલિકા પૂ.બકુબેને ૪૦ તાળીઓથી વધાવડાવ્યો કે બરાબર ૪૦ વર્ષનો આ સુખદગાળો છે. અને હજુય આવો આનંદ કરતાં રહીએ તે માટે બીજા ૪૦ વર્ષ માટે ફરી ૪૦ તાળીઓથી વધામણી કરાવી.



દરેક દરેક કાર્યની પ્રેરણામૂર્તિ બની ગુણાતીત જ્યોતની શાખ બનાવી છે. ભજન પણ એવું કરાવ્યું છે કે બહારની, કોઈ માયા, કાળ, કર્મ આપણને સ્પર્શી નથી શક્યા. ઉપાસ્ય મૂર્તિનું સેવન કઈ રીતે કરાય તે શીખવ્યું છે. એવાં દીદીની પ્રાપ્તિથી નિશ્ચિંતતા તો છે જ પણ તેમની ધખણા એકાંતિક ધર્મ સિદ્ધ કરી લેવો છે તેનું યથાર્થ પાલન કરી રોમરોમમાં સાધુતા પ્રગટાવીએ. તેવી પ્રાર્થના સાથે સામુહિક પંચાંગે પ્રણામ કરી સ્વાગતભાવ અર્પણ કર્યા. ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીને અને પ.પૂ. દીદીને પુષ્પહાર અને પુષ્પગુચ્છ અર્પણ થયાં. અને પૂ.કલ્પુબેન દવે રચિત ‘બ્રહ્મસમાજની પ્રેરણામૂર્તિ...’ ભજન ગવાયું. ત્યાર બાદ માહાત્મ્યગાન ને આશિષ મેળવ્યા તે સંક્ષિપ્તમાં માણીએ.



**પૂ.શોભનાબેન :** અત્યારના સંજોગોમાં આપણને ખબર નહોતી પણ પપ્પાજી આપણા માટે બધુ સુખમય કરી રહ્યા છે. તો આજે દીદીના નજીકથી દર્શન મળ્યાં ! સૌ ગૃહસ્થો ઘરે બેઠા લાભ લઈ રહ્યાં છે. તે સૌને ધન્યવાદ છે. તેઓ દીદીના વચને ખૂબ સેવા કરે છે. જ્યારથી દીદીના સંબંધમાં આવ્યા ત્યારથી આપણી સાથે ને સાથે રહીને જતન કરી રહ્યાં છે. એક એક પગલું પપ્પાજીની રીતે ભરીએ તેવો શ્રમ કરી જ રહ્યાં છે. દીદી પહેલીવાર મને પરદેશ લઈ ગયાં. ત્યાં તેમનું દર્શન કર્યું છે. કેવળ પ્રભુમય... ૨૪ કલાક તેમના ધબકારે ધબકારે પપ્પાજી સિવાય કાંઈ નહોતું તે દર્શન કર્યું. ને આપણી વૃત્તિ પણ પ્રભુ આકારે રહે તેવું જતન કર્યું છે. આ ચારેય સ્વરૂપોને પપ્પાજી લઈને આવ્યા. તેમને સેવીને પપ્પાજીને પામવાનું છે. આ સ્વરૂપોની છત્રછાયામાં જેટલું ઈંદ્રિયો અંતઃકરણનું રૂપાંતર થઈ જશે તેટલું સુખ આવશે. તો આપણે ધ્યેય તરફ દોટ મૂકીએ. દીદીનો આદેશ છે કે આ કરી લેવાની મોસમ



છે તો છલાંગ મારીએ, એ વર્તન બનાવીએ. આપણા હૈયામાં ભગવાન સિવાયનું જે કંઈ છે તેના પર વિજય મેળવીએ. પ્યોર સાધુ બનીએ. ગુણાતીત ભાવમાં તેમની જેમ રહેવું છે. દીદી, તમે ખૂબ માર્ગદર્શન આપ્યું છે. દિલ નીચોવીને પ્રાર્થના કરો છો તો અમારી ગરજે પપ્પાજીને પામવા તરફ છલાંગ મારી તમને રાજી કરી લઈએ એ જ તમારા ચરણે પ્રાર્થના.

પૂ.જયુબેન : ૧૯૬૩માં દીદી માણાવદર યોગીજયંતીમાં ગયેલાં. ત્યાંથી નડિયાદ આવેલાં.



ત્યારે સ્ટેશને મૂકવા ગયા ને સંબંધ થયો. ને ત્યારથી દીદીમાં ગુરુનો ભાવ થયેલો. ને ૧૯૬૪માં નડિયાદ સંતરામ મંદિરમાં પારાયણ હતું. ત્યારે દીદી, લલિતાકાકી, કુસુમબેન દવે આવેલા. ત્યાં અમે સેવા કરવા જતાં. ત્યારે દીદીને એવો વિચાર આવેલો કે આને સાચી વાત સમજાઈ જાય તો કેવું સારું ! ને દીદીનો આ સંકલ્પ મારામાં ફળ્યો ને જયુબેન આખા બદલાઈ ગયા ને ધ્યેય બદલાઈ ગયું. હું પ્રભુ માર્ગે આવી ગઈ ને સુખી થઈ ગઈ.

અટલાદરા શાસ્ત્રીજીમહારાજની જયંતીમાં દીદીએ મને કહેલું કે, બી રોપીએ, ખાતર નાખીએ, પાણી પાઈએ પણ ફાટવું તો ગોટલાએ જ પડે ને ! પછી તો અમે છૂટાં પડ્યાં. પણ મારા મનમાં આ જ વાક્ય યાદ આવ્યા કરે. પપ્પાજી આ અરસામાં નડિયાદ આવેલા તો તેમના દર્શને ઈન્દુકાકાના ઘરે ગઈ. ત્યારે પપ્પાજી કહે, 'આ હંસાની જયુ ને !' ને ત્યારથી મારું ધ્યેય એટલું પાકું થઈ ગયું કે પછી કાંઈ જવાનું ના રહ્યું ને ભગવાન ભજવાનું પાકું થઈ ગયું.

દીદીએ મારો હાથ પકડ્યો એટલે મારું બધું સરળ થઈ ગયું. પપ્પાજીએ દીદીને પત્રલેખનની સેવા આપેલી. તો પપ્પાજીએ દીદીને કહ્યું કે, 'જયુને બોલાવી લે.' ને તેમણે મને પત્ર લખ્યો ને હું ગુજરાત મેઈલમાં બેસીને મુંબઈ પહોંચી ગઈ. ને ત્યાં સેટ થઈ ગઈ. બધાં મારા છે એવું લાગતું. કોઈનું દેખાતું જ નહોતું. આવું જીવન અહીંયા પણ રાખવું છે.

જ્યોતમાં આવનારા બધાયે પરમ ભાગવત સંત થવાનું છે. તો મોટેરાંના વચને જીવીએ. ધ્યેય તરફ દ્રષ્ટિ રાખીએ તો આપણે કાંઈ કરવાનું નથી. પપ્પાજીએ આપણા માટે સાધના જેવું નથી રાખ્યું. બ્રહ્મનો આનંદ ગુરુની આજ્ઞા પાળીને કરવાનો છે. માટે ગુરુની આજ્ઞા તરફ સતત અનુસંધાન રાખી દેહને વર્તાવીએ. કોઈને બંધન ના ગમે પણ ફના થવું છે, ખપી જવું છે તેવું નક્કી કરીને મંડીએ. તે માટે પપ્પાજીની સ્મૃતિ, મંત્ર ને ગુરુનું વચન નજર સમક્ષ અખંડ રાખીએ. ને પરમ ભાગવત સંત બની જઈએ એ જ પ્રાર્થના.

ત્યાર બાદ પૂ.બકુબેન રચિત ભજન 'ચૈતન્ય માના છત્તર આપીને...' ગવાયું.

પૂ.યોગીનીબેન આર. : દીદી તો મારી મા છે. નાનપણથી જ બધું એમણે શીખવ્યું છે. બધી જ રીતે



જતન કર્યું છે. તો જગત અડ્યું જ નથી. સાધના દરમ્યાન પણ ખૂબ જતન કર્યું. દીદીએ સાધનામાં કંઈ ચલાવી નથી લીધું. હઠ, માન, ઈર્ષાના પ્રસંગોમાં ઉત્તમ સિંચન કર્યું છે કે 'મૂકી દે એ મોટો' જે આજ્ઞા આપી હોય તેની પાછળ એમનું ભજન હોય જ. અત્યારે હસતા રમતા સાધના કરી રહી છું તે પ્રતાપ દીદીનો છે. દીદી તમારી સતત ધખણા છે કે પપ્પાજીના વચને જીવી લો તો હું ને અમે સૌ એકાંતિક ધર્મ સિદ્ધ કરી લઈએ તે માટે બળ આપજો.

પૂ.સોનલબેન રતનપરા : ૧૯૯૧ની સાલમાં પપ્પાજી થોડાક બહેનોને પંચગીની લઈ ગયા તેમાં



મારો નંબર હતો. ત્યારે પપ્પાજીએ એવું કહ્યું હતું કે જ્યોતિ, તારા, હંસા, દેવી આવ્યાં ત્યારથી એટલા મોટાં છે કે બ્રહ્માંડ લઈને ઉડી જાય. પણ એમની દાસત્વ ભક્તિ એવી છે કે ને બતાવતા નથી. એવા સ્વરૂપો આપણને મળ્યા છે.

દીદીએ નાનપણથી જતન કર્યું છે તે સ્મૃતિપ્રસંગો કહ્યા. એકવાર કોઈ બેન સાથે પ્રસંગ બન્યો હતો તો હું સેવાક્ષેત્ર છોડીને નીકળી ગઈ. દીદીએ મને બોલાવી જળ આપ્યું કે કંઈપણ થશે તો પણ સેવા નહીં છોડું. તેવું આજથી પણ લ્યો. આવું જતન કર્યું છે. સંબંધે સ્વરૂપ માની સેવા કરો, વફાદારી રાખો, રાંક રહો. તેવું દીદીએ શીખવ્યું છે. દીદી મહંત છે તોય દાસના દાસ થઈને રહે છે તો હું પણ રાંક બનીને દાસભાવે જીવી શકું તેવું બળ આપજો. બધા સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના છે કે તમે જે કરાવવા માંગો છો તે કરી લઈએ.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** વર્ષોથી આપણે સાંભળીએ છીએ. પપ્પાજીએ ખૂબ કૃપા કરી.



યોગીજીમહારાજે કમાલ કરી. દીદીના બા શાંતાબાને બીમારી હતી. દૂધ પીવું જ પડે. તેવું વૈદની દવામાં હતું. બાપાને પણ એ જ ચરી હતી. બાએ પ્રાર્થના કરી ને બાપાએ દૂધ ગ્રહણ કર્યું. રાજી થઈ મોસંબીનો પ્રસાદ આપ્યો ને આશીર્વાદ આપેલા કે આગળ જતાં આના ઝાડ થશે. તે ઝાડ એટલે આ દીદી.

મુંબઈમાં હેમાબેનના ઘરે પપ્પાજીએ કહેલું કે, 'આજથી જ્યોતિ, તારા, દેવીના મહંત દીદી.' જ્યોતિ-તારાએ સ્વીકારી લીધું. દીદી નોકરીએથી આવે ને પપ્પાજીની આજ્ઞાથી છેલ્લી રૂમમાં અમને પપ્પાજીના મહિમાની ખૂબ વાતો કરે. એ દીદી આપણને સૌને મળ્યાં છે. આપણે ખૂબ નસીબદાર છીએ.

દીદી રોજ મહાપૂજામાં પ્રાર્થના કરી, આપણા બધાનાં નામ બોલે છે. દ્રઢ સંકલ્પથી આપણા સૌનું જતન કરે છે એ બહુ મોટી વાત છે. મહંત છે તો મહંતાઈ નથી કરતા પણ આપણું પ્રેમથી રખોપું કરે છે. હરિભક્તોનું પણ જતન કરે છે. તારદેવ હતાં ત્યારે સ્કૂલે જતાં તો ગાડીમાં વાંચન જ કરતા હોય.

બાપા માટે સરસ નાસ્તો બનાવે. તેમાં પપ્પાજી માટેય બનાવે. બાપા, પપ્પાજી ગ્રહણ કરે. ક્યાં પોતે બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલાં, આટલું કામ કર્યું ન હોય, ભાષા જુદી પણ બધું અપનાવી લીધું. અત્યારે ય દરેક ખૂણે તેમની નજર હોય. પ્રકાશનમાં દીદીએ કંઈ કામ કર્યું છે ! તેવું જ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં – 'અલખની વાટે' પ્રોગ્રામથી આખા વિદ્યાનગરમાં છાપ પડી ગઈ. ખૂબ ડીસીપ્લીનવાળાં સ્વધર્મનિષ્ઠ, પતિવ્રતા. દીદીને ૨૪ કલાક પપ્પાજીના ચિંતવન સિવાય હૈયામાં કોઈ ડાઘ નહીં. માન-મોટપ મળે તો ક્યાંનું ક્યાંય જતું રહેવાય. પણ તેવું કશુંય દીદીમાં જોવા નથી મળતું.

૨૪ કલાક પ્રાપ્તિનો કેફ રાખીએ. પપ્પાજી તો મળ્યા પણ આવાં બા, બેન, જ્યોતિબેન, તારાબેન, જસુબેન, પદુબેન, સદ્‌ગુરુ સ્વરૂપો મળી ગયા ! એકલદોકલ મળે પણ આટલો મોટો સુખનો ભંડાર ક્યાંય ન મળે. આપણે તો છલાંગ મારી દેવી છે. તેમાં રાંકભાવ અગત્યનો છે. તો સંબંધવાળા પાસે આંતરિક રાંકભાવ રાખીએ. દીદી આટલા મોટાં છે તો ય કેવો રાંકભાવ છે ! યોગીજીમહારાજ, પપ્પાજીએ અમારી સાધના સરળ બને તે માટે દીદી આપ્યાં તો તેઓ નિરામય ૧૦૦ વર્ષ સુધી રહે ને સૌ પરમ ભાગવત સંત બની રહે તેવા આશીર્વાદ દીદી આપે એજ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** ૧૯૫૬માં બાપાની ૬૫મી જયંતી હતી. અમે ૩૧મી મેના મુંબઈથી



નીકળ્યા'તા. પછી સારંગપુર ગયા. આપણા ભગવાન કેટલા ભવ્ય ને દિવ્ય! નાની ઉંમરે પોતાનું સ્વરૂપ બહાર પાડ્યું. બાપાએ નાની ઉંમરે પપ્પાજીને કાર્ય સોંપ્યું. બહાર ન દેખાય પણ એમનું કાર્ય હું છું તે આપણે આપણા વર્તનથી બતાવવું છે. એમણે જે સુખ આપ્યું તેના કારણે આપણે આનંદ કિલ્લોલ કરીએ છીએ. પપ્પાજી તો કહેતા કે, 'હું તો દાસાચાર્ય છું.' જેનો પ્રભુ જો દાસભાવ રાખતો હોય તો મારે તો રાખવો જ જોઈએ ને ! આપણને પૂર્ણ મળ્યા છે પૂર્ણ કર્યા વગર છોડવાના નથી. એમનો સંકલ્પ એવો છે. એનો



આનંદ કરવાનો છે. એનો સંકલ્પ કાર્ય કરે છે. તેથી પ્રસંગો બને છે ને બનશે. તેમાં અંતર્દ્રષ્ટિ રાખવી. મારે પર થવાનું છે. 'હું કાંઈક છું' તેના કરતાં 'હું કાંઈ નથી.' તેવું માનીએ. પ્રસંગો આપણી સાથે રહેનારામાંથી આવશે તે સ્વીકારી લેવાના. તો નોંધાય કે આપણું ક્યાં કાચું છે ? આપણે વેગ લગાડવો છે. વેગ લગાડીએ તો છલાંગ મરાય. આપણે પર થઈશું તો ગુરુહરિનું, ગુરુનું, સેવાનું માહાત્મ્ય વધશે. સેવામાં દેહ આડો ન આવવો જોઈએ. બધાંથી પર જવાનું છે. આપણું જીવન પપ્પાજીનું કાર્ય છે. તો મારા વિચાર, વાણી, વર્તન કેવા હોય ? પપ્પાજીનું સૂત્ર છે :'ગરજુ થઈ સેવા કરો, દિવ્યભાવ રાખી ખમો.' 'તમે ન બોલો તમારા કાર્યને બોલવા દો.' તેવું જીવવું છે.

પપ્પાજીએ કહેલું છે કે તમને જેનું ખૂંચે તેનો ગુણ લેવો. પર જવા માટે સત્પુરુષનું વચન પાળવું. પ્રસંગ આવે તે રાજીપો છે. કોનામાંથી આવે ? તો સાથે રહેતા હોય તેનામાંથી આવે ને ! પર જવું હોય તો પ્રસંગને સ્વીકારો. તમારે શું કરવું ? તે તમે નક્કી કરો. તમને કાંઈક અડ્યું તે પ્રસંગ. ભજન કરીને પર થઈ જાવ. નિખાલસ, નિષ્કપટભાવ, હેત હોય પણ વિશ્વાસ ન હોય, વિશ્વાસ હોય પણ નિષ્કપટભાવ ન હોય તો અધૂરું રહી જાય. અંતરમાં પ્રભુ પાસે નિષ્કપટ થઈ જવું. ભગવાનને ન છેતરવા. એમ પોતે પોતાને જોઈને પસાર થઈ જવું. ને આનંદ માણ્યા કરવો. પૂરું કરીને જ જવું છે. તે માટે એક ભગવાનમાં જ મન રાખવું પડે.

હું સૌને રોજ સંભારું છું. અંતરના સાચા માહાત્મ્યથી જ સૌનાં દર્શન થાય છે. ભગવાને એટલો સરસ સમય આપ્યો છે, એકાંત આપ્યું છે. બસ આપણે આનંદ કરવાનો છે. ભગવાનના થઈને ભગવાનની સેવા ભગવાનની પ્રસન્નતા માટે કરવી છે. પ્રભુ પાસે રાંકભાવ માંગવો. પપ્પાજીને કહેવું : 'તમે સાથે રહેજો, સૂઝ પાડજો.' તો તે સાથે રહેશે જ. જય સ્વામિનારાયણ.

પૂ.નીલમબેને સ્વાનુભવની સ્મૃતિ કરાવી કે, આ



સ્વરૂપો થકી પપ્પાજી હાજરાહજુર છે. આપણું પૂરું કરાવશે જ. ૨૦૦૬માં ગુરુહરિ પપ્પાજી સ્વધામ પધાર્યા ને મારે ૨૦૦૭માં ગોંડલ જવાનું થયું. મને અંદરમાં દર્દ રહ્યા કરતું કે, 'પપ્પાજી તમે મારું અધૂરું રાખીને જતા રહ્યા. એ વિચારે હું ઘનશ્યામ મહારાજને પ્રાર્થના કરતી હતી. મને બહુ રડવું આવ્યા કરતું'તું કે પપ્પાજી તમે મારું અધૂરું રાખીને જતા રહ્યા ? ને મોબાઈલમાં રીંગ વાગી. જોયું તો દીદી... પ્રથમ જ પૂછ્યું 'બેટા, તું ક્યાં છું ? કેમ છે ?'... ને મને પ્રતીતિ થઈ ગઈ કે મારી પ્રાર્થના મહારાજે, પપ્પાજીએ સ્વીકારી ને દીદીએ તે ઝીલી. એટલે આવા સ્વરૂપો થકી પપ્પાજી હાજરાહજુર છે તે આપણું અધૂરું પૂરું કરાવી જ દેશે. આ સ્મૃતિપ્રસંગ કહી સૌને જોમ આપ્યું.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** એક દિવસ બાને મેં કહ્યું હતું કે એવો વખત આવશે કે



આપણે બે સામસામે બેસીને કાખલી કૂટશું. યોગીમહારાજે એવું દર્શન કરાવેલું. એમની અનુવૃત્તિ પ્રમાણે આ જ્યોત ખોલી. એકાંતિક થવા માટે સિદ્ધદશા પમાડવા માટેની આ જ્યોત છે. સ્વની અસ્મિતારહિત

ગુણાતીતભાવમાં નિરંતર રહેતાં બહેનો જ્યોતમાં પાકે. બાપાની કૃપાથી તે બન્યું. એવા દીદી પાકી ગયાં. બ્રહ્મસ્વરૂપે જીવે છે. એમની દૃષ્ટિ પડે એનું કામ નીકળી જાય. એમની દૃષ્ટિમાં આવી જવું એટલી જ આપણી ફરજ.

દીદી ભગવાનનું કામ કરતા ને ભગવાન આપતા થઈ ગયાં. આપણે તે અનુભવીએ છીએ. અનાદિ મુક્ત હતાં જ. આ વખતે ગ. છે.૨૬માં બહેનો પહોંચી ગયાં. ધન્યવાદ. દીદી, સુખ, શાંતિથી તમારા જેવી સ્થિતી થઈ જાય તેવી માળા ઘમકાવો. જો કે દીદી ઘમકાવ્યા કરે છે ને કરશે. કહેવાનું કાંઈ નથી. પરિણામ જ બધું બોલશે. દીદીને કોઈ પારકું પોતાનું નથી. બધાનું જતન કરે છે. ખૂબ સુખ, શાંતિ, આનંદથી બધા સઘ, સિદ્ધ માર્ગે આગળ જાય એવો બુદ્ધિયોગ આપે, એવા રૂડા સાધુનો સંગ આપે, અંદરમાં ઊગે એવા અંતરના આશિષ દીદી વરસાવે તે જ પ્રાર્થના ને આશીર્વાદ.

★ પૂ.માયાબેને પ.પૂ.દીદીનો રાશન કીટ વિતરણ માટેનો આદેશ અદ્ધર ઝીલી, રાશનની બધી વસ્તુઓ ખરીદવાથી માંડી, વિતરણ સુધીની કાર્યવાહી બહેનો,



યુવકોનો સાથ લઈને સરળતાથી પાર પાડી. તેમાં પ.પૂ.દીદી ને સ્વરૂપો રાજી થઈ ગયા. તેની પ્રસન્નતામાં પ.પૂ.દીદીએ મુખ્ય કાર્યકરોને બહુમાન કરી વધાવ્યાં.

## તા.૭.૬.૨૦૨૧ : બ્ર.સ્વ.યોગીજીમહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી...

તા.૭.૬.૨૦૨૧ના વૈશાખ વદ – ૧૨ બ્ર.સ્વ. યોગીજીમહારાજના પ્રાગટ્યદિનની ઉજવણી ગુણાતીત જ્યોત, પપ્પાજી હૉલમાં થઈ. જેમાં શ્રી યોગીજીમહારાજને પુષ્પહાર અર્પણ કરી સ્વરૂપોના આશિષ લીધાં તે માણીએ.



આશીર્વાદ ગુરુહરિ પપ્પાજી મહારાજ : યોગીમહારાજની બોધકથાઓમાંથી લાભ આપતા કહ્યું કે રાજાના ફરમાનથી એક છોકરો સાત વાર કૂવામાં પડ્યો ને ભીનો નીકળ્યો. રાજાએ તેને પૂછ્યું તો કહ્યું કે મને ખબર હતી કે કૂવામાં પડીશ એટલે ભીનો થઈશ કોરો નહીં નીકળું પણ તમારું વચન અદ્ધર ઝીલવું હતું તેથી પડ્યો. રાજા રાજી થઈ ગયા ને તે છોકરાને ગામ બક્ષિશ આપ્યું. એવું જોગીબાપાએ કહ્યું કે નિર્દોબુદ્ધિ રાખો, દિવ્યભાવ રાખો. એ જાણે છે કે આ નહીં રહે પણ અધ્ધર વચન ઝીલવા પ્રયત્ન કરીએ તો એ સિદ્ધ થઈ જશે. તે રાજી થઈ જશે પછી અંતરની, મનની ને તનની બીમારી હશે તે કાઢી નાખશે. બરાબર, હાલો. આટલું કરીએ.





પૂ.હંસાબેન ગુણાતીત : આપણા પર અસીમ કૃપા કરી, યોગીમહારાજે બહેનોને ભગવાન ભજાવવાનું કાર્ય પપ્પાજીને સોંપ્યું.

પપ્પાજીએ જોગીબાપાને સ્વરૂપ માન્યા. એ વાત આપણે વર્તનમાં મૂકવાની છે. પપ્પાજીએ પોતાની દાસત્વભક્તિ ક્યારેય ન છોડી. આપણી હાં હાં ગડથલ હશે તો એ સાથ આપશે. બીજાની માથાકૂટમાં, આઘીપાછીમાં પડવું, તેમાં જતા રહીએ, એ માન્યતામાંથી પપ્પાજી બહાર કાઢે છે. એમના જીવનની એક એક પળ પરાભક્તિરૂપ છે.

આપણો આત્મા આ માર્ગે દોડે તેવા સંજોગો બાપા ગોઠવ્યા જ કરે છે. એવા કુટુંબમાં જન્મ આપ્યો. એ પણ સાથ આપે તેવા વડીલો. આવા બ્રહ્મસમાજના સર્જનમાં કાકાજી, પપ્પાજી, બા પૂરાઈ ગયા. અજોડ અદ્વિતીય કાર્ય થઈ ગયું. આપણું 'હું' ક્યાંય અદશ્ય થઈ જશે તે ખબરેય નહીં પડે. એવું કાર્ય યોગીબાપા, કાકાજી, પપ્પાજી, બાએ કર્યું. એ આવા હેતુથી જ પૃથ્વી પર આવે છે અક્ષરરૂપ બનાવવા જંગમમંદિર બનાવવા લાવ્યા છે. સંબંધમાં આવ્યા તેને પાર ઉતાર્યા. બધામાં એમનું દર્શન કરવું દોષ દેખાડનાર પર તૂટી ના પડવું. તેમાં પપ્પાજી કરનારા છે. તેવું માનવું ને પ્રાર્થના કરવી કે હે પપ્પાજી ! તમે પાર પાડજો ને જંગમમંદિર બનાવી દેજો.

પ.પૂ.દેવીબેન : યોગીમહારાજ શું છે ને શું નહીં? તે આપણે ચકલીઓ શું જાણી શકવાના ? ભવ્યાતીભવ્ય સ્વરૂપ પૃથ્વી પર પ્રગટ થયું. કેવળ કૃપા કરીને એમનું સ્વરૂપ ઓળખાવ્યું. આપણા તો કેવા પ્રારબ્ધ હતા ! જ્યાં એમણે શરણે લીધા ને આપણાં પ્રારબ્ધ બદલાઈ ગયાં. ખૂબ નસીબદાર કે આવું ભવ્ય સ્વરૂપ પ્રાપ્ત થયું ! આપણે જેની સાથે બોલી શકીએ તેવા



પપ્પાજીની પ્રાપ્તિ કરાવી. ક્યાં આફ્રિકાથી અહીં લાવ્યા ને આપણને તેમના જોગમાં, અક્ષરધામમાં મૂકી દીધા. કોઈ સાધન ના કરાવ્યા. બેને કેટલા વ્રત, તપ કર્યા છે. પણ આપણી પાસે કાંઈ નથી કરાવ્યું.

ફક્ત નિર્દોષબુદ્ધિ માગી છે. સંબંધવાળા બધા નિર્દોષ છે. જે કાંઈ દેખાય છે તે દોષ આપણી પરીક્ષા માટે ચોંટાડી રાખ્યા છે.

દુનિયામાં બધુ મળે પણ યોગીમહારાજનો સંબંધ ના મળે. પપ્પાજી ના મળે. એ મળ્યા તો પ્રારબ્ધ બદલાઈ ગયાં. એમનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે. છતીદેહે અક્ષરધામ આપી દીધું. કાળ, કર્મ, માયાનું કાંઈ ચાલે નહીં. એમને સંભારીને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ કરીએ. એકબીજાનું જોઈને ખણી ખણીને દુઃખ ઊભા ન કરીએ. સરખામણી ન કરીએ. જે કંઈ મૂકવાનું તે મૂકી દઈએ. બાપાએ મોજમાં અક્ષરધામ આપ્યું, આવા સ્વરૂપો આપ્યા ! તો આપણે છલાંગ મારીએ. રાંકભાવ રાખીશું તો અબેતબે નહીં થાય. ખૂબ મોટા યોગીબાપા, પપ્પાજી મળ્યા. પણ મને શું ફાયદો થયો ? તે વિચારીએ. આપણા મનને નમતું જ કરવાનું છે. યોગીબાપા ભક્તો પાસે કેવા રાંક રહ્યા ! કેવી સેવા કરી છે ! મારેય ખાધો છે ! એ જે કંઈ નોલેજ છે તેનો આદર્શ રાખવો. પપ્પાજીને સત્સંગમાંથી બહાર કાઢ્યા. તે બધું હૈયામાં સમાવી દીધું. પણ બાપાએ સોંપેલી સેવા ના મૂકી. તેમ આપણેય અંદરથી ગાંઠ વાળીએ કે ગુરુનું વચન પાળવું છે ને તે લઈ મંડવું છે. રીબફ ન કરીએ. 'હાજી હા' કરી નમીએ, ખમીએ એટલું જ કરવાનું છે. બાપા, પપ્પાજી કેવું જીવ્યા ! તે બધી સ્મૃતિઓ વાગોળવાની છે. જે કંઈ આપણી પાસે છે તે પોતાનું કરવું છે. આધ્યાત્મિક થાળ આપ્યો છે. નિશ્ચય કરીએ. પ્રભુનો સંબંધ જોઈએ. તો હે યોગીબાપા ! હે પપ્પાજી! હે સ્વરૂપો ! તમે કૃપામાં મળ્યા, તમારા સંબંધવાળા માથાના મુગટ છે. કોઈનું જોયા વગર સંબંધવાળાને સ્વરૂપ માનવાની હાં હાં ગડથલ કરીએ તેવું સર્વને ખૂબ બળ આપો એ જ પ્રાર્થના.

## તા.૧૧.૬.૨૦૨૧, જેઠ સુદ-૧ : ગુરુહરિ પપ્પાજીમહારાજ શાશ્વત તિથિની સ્મૃતિ પળો...

આજે જેઠ સુદ એકમ. તિથિ પ્રમાણે પપ્પાજીનો સ્વધામગમનદિન. તે નિમિત્તે પ.પૂ.દીદી, પ.પૂ. જસુબેનના સાંનિધ્યે આજની સભા થઈ. તેમાં પૂ.રમીબેને પ્રાર્થનાભાવો ધર્યા. ત્યારબાદ પ.પૂ. જસુબેન, પ.પૂ.દીદીના આશિષ લીધાં.

પૂ.રમીબેન : પપ્પાજીને પ્રાર્થના કરી કે, હે પપ્પાજી ! અમારા જીવનમાં આળસ, પ્રમાદ, ગાફલાઈ ના રહે તેવું તમે રખોપું કર્યું છે તેવું કર્યા જ કરજો. તમે માયા, મહામાયાથી રક્ષા કરી છે તો અત્યારે કોરોના મહામારીના સમયમાં ભયંકર રોગ ના આવી પડે તેવી સૌ આશ્રિતોની રક્ષા કરજો.



પપ્પાજી તમે અમારું ખૂબ જતન કર્યું છે. આ જન્મે જ પૂર્ણતાએ પહોંચાય તેવું જતન કર્યું છે. એ ઉપકાર ક્યારેય ભૂલાય તેવો નથી. તો તમારા આકારે અમારા ઈન્દ્રિયો, અંતઃકરણ સદાય રહે ને તમને ગમે છે તેવું વર્તન કરીએ તેવી તમારા ચરણે પ્રાર્થના છે.

આશીર્દાન પ.પૂ.જસુબેન : આપણને પુરુષોત્તમનારાયણ અને તેમના ભક્તોની સેવા મળી! એ જ આપણા ભાગ્યા. આપણને મળ્યા છે તે પૂર્ણ છે તે છેક પહોંચાડશે જ. માટે નિશ્ચિંત રહી, આનંદ કર્યા કરો. સર્વોપરીના હાથમાં છીએ. આપણને તેમના ચરણમાં રાખ્યા એ જ કૃપા. આપણે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી સેવા કર્યા જ કરવી છે. સેવાથી જે સુખ મળે છે તે કંઈક જુદુ જ છે. આપણે ભક્તના ભક્ત બનવું જ છે. સંબંધવાળામાં મહારાજ જોવા જ છે. કર્તાહર્તા પ્રભુ જ છે. બસ પ્રાર્થના કર્યા કરીએ કે પ્રભુ તમારી રીતે જીવવાનું તમે મને બળ આપજો. આપણા ભાગ્ય તો જુઓ પપ્પાજીએ તેમના જેવા ને જેવા જ ઢગલાબંધ સ્વરૂપો આપી દીધા. તેમની રુચિ પ્રમાણે વર્તી લઈશું તો પ્રાપ્તિ થતાં વાર નહીં લાગે.



જે જે પરિસ્થિતિનું નિર્માણ થયું તેમાં પપ્પાજીએ છેલ્લા બે મહિનામાં કેટલું બધું દેખાડ્યું. ને પ્રાર્થના કરાવી કે બસ, પ્રભુ ! તું જેમ રાખે તેમ રહેવું છે.

આશીર્દાન પ.પૂ.દીદી : આજે તિથિ પ્રમાણે પપ્પાજીનો શાશ્વત સ્મૃતિદિન. પપ્પાજીએ સૌને તેમના જેવા સુખિયા કરવા છે. વારસદાર બનાવવા છે. તો આપણે બની જવું છે ને એવા તમારા સૌના દર્શન કરવા છે. કાર્ય સોંપાઈ જાય તેવી પ્રાપ્તિ કરવી છે સૌને નીરખીને હૈયું હરખાઈ જાય તેવું જીવન જીવવું છે. અવગુણ જોવાનો સમય પૂરો થઈ ગયો. સૌનો ગુણ જ લઈએ. જે કંઈ કરીએ તેમાં પ્રભુને રાજી કરવાની ભાવના રાખીએ. મારી સેવા પપ્પાજી તમને પહોંચે તેવું મારે જીવવું છે તેવી ધખણા રાખીએ.



ને આપણે નિત તપાસ કરીએ કે હું આવી ત્યારે કેવી હતી ને આજે કેવી છું ! ક્યાં પહોંચી ? તેની તપાસ કરતાં રહીએ. પ્રાપ્તિ કરવી છે. આપણે ભગવાનનું કાર્ય કરવું જ છે. મુક્તો આપણો અરીસો છે તેવું સ્વીકારી લઈને જીવીશું તો પપ્પાજીની રીતે સહજ જીવાશે. બસ સતત તેમનું મનન, ચિંતવન રાખીએ. સ્મૃતિનો સંગ રાખીએ. વચનનો ભંગ ના કરીએ. બસ પામી જ જવું છે.



આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ : આપણે જોગીમહારાજ જેવા ગુણ મેળવવા આ સાધના કરીએ છીએ. સત્ય સંકલ્પે જીવતાં થવું જ છે. તે માટે પ્રાર્થના અનિવાર્ય છે. પ્રાર્થનામાં જસુબેન જેવી

શ્રદ્ધા રાખવી. તેમના હાથમાં પ્રાર્થનારૂપી અલાદ્દીનનો લેમ્પ હાથમાં આવ્યો ને બધું પટ પટ છૂટી ગયું. સો ટકા ભગવાનના થઈને જીવવા માંડ્યા. તેમ આપણે પ્રાર્થનાથી બાજી જીતી જઈએ.

આપણામાં જે કોઈ દોષ છે તે ટાળવા પ્રાર્થના કરીશું તો સામાને સ્મિતથી જવાબ અપાશે. ધોખાવાંધા નહીં થાય. પ્રાર્થના સિવાય કોઈ ઉપાય લઈએ નહીં તો વચ. ગ. મ. ૧૩ સિદ્ધ થઈ જાય. ભાગવતી તનુ થઈ જાય. અક્ષરધામના હેવા પડી જાય. પ્રકૃતિ-પુરુષથી પરનું જીવન જીવાશે. તેવું જીવીએ એ વિજળી જેવા સંત. ગૃહી-ત્યાગીનો મેળ નથી. જે કરવા માંગે તેના માટે બાપાએ મેદાનમાં મૂક્યું છે. બસ, પ્રાર્થનાથી બધી વસ્તુ ને બધા કાર્ય કરતાં થઈ જઈએ તેવી અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

## તા.૧૨.૬.૨૦૨૧ – બ્ર.સ્વ.કાકાશ્રીના પ્રાગટ્યદિને...





આજે કાકાશ્રીનો તિથિ અને તારીખ પ્રમાણે પ્રાગટ્યદિન. અદ્ભુત સુમેળનો દિન. આજની રાત્રિસભામાં કીર્તનો દ્વારા કાકાજીના મહિમામાં સૌ રત થયા. કીર્તન આરાધના બાદ પૂ.ડૉ.નિલમબેને કાકાજી સાથેના સ્મૃતિ પ્રસંગોની સ્મૃતિ કરાવી, મહિમાદર્શન કરાવ્યું કે, આપણે ભગવાન ભજીએ છીએ, આ સ્થાનમાં બેઠા છીએ એ કાકાજી-પપ્પાજીને આભારી છે. કાકાજી ને પપ્પાજી એક સિક્કાની બે બાજુ જેવા રહ્યાં ને એકમના થઈને જોગીના કાર્યમાં હોમાઈ ગયા. યોગીજીમહારાજના નાના-મોટા વચન નજરથી પામીને પાળ્યા છે. બલિરાજાએ ત્રણ પગલામાં પોતાનું બધુંજ ભગવાનને આપી દીધું ને ભગવાન રાજી થઈ ગયા તેમ કાકાજી-પપ્પાજીએ વિમુખ પ્રકરણમાં બધું અર્પણ કરી, યોગીજીના કાર્યની નિમિત્ત સેવા કરી રાજીપો લઈ લીધો. બલિરાજા જેવી તપશ્ચર્યામાંથી કાકાજી-પપ્પાજી-બા પસાર થયા છે. ત્યારે આ સર્જન થયું છે.

શાસ્ત્રીજીમહારાજ જ્યારે મંદિર બાંધતા હતા ત્યારે કાકાજીએ ૫૧ હજારની ભેટ આપી દીધેલી. તો શાસ્ત્રીજીમહારાજ કહે, 'હું તારા પર ખૂબ રાજી થયો છું. માંગ માંગ માંગે તે આપું !' આ સમયે કાકાજીએ આલોકનું કાંઈ ન માંગ્યું કે મેં ૫૧ હજાર આપ્યા તો ૫ લાખ ધંધામાં આપો. તો શું માંગ્યું ? દેશકાળ તો એવા સમૃદ્ધ નહોતા. પણ કેવો સ્વરૂપ સાથેનો સંબંધ ને તત્ત્વની પિછાણ હશે તો ચંદન ચર્ચીને ભેટો... તેવું માંગ્યું. એ કાકાજી કેવું નિર્લેપ સ્વરૂપ ! પ્રકૃતિપુરુષથી પરનું સ્વરૂપ હોય તે જ આલોકના સુખ-સમૃદ્ધિ માંગવાનું મૂકી આવું માંગે.

કાકાજી હાસ્યની, નિર્દોષતાની, સુહૃદભાવની, કરૂણાની મૂર્તિ. સૌને સુખી કરવાની ભાવના. મરી ફીટવાની ભાવના. અનેક અગવડતામાં આ ગુણાતીત સમાજનું સર્જન કર્યું છે. તેમાં માન, અપમાન, હાણ, વૃદ્ધિ કંઈ જ ગણ્યું નથી. કેવળ બાપાની આજ્ઞા તરફ જ અનુસંધાન.

પપ્પાજી ઘણીવાર કહેતાં કે, અમે પૂરક ને પ્રેરક છીએ. કાકાજી મારા ભિન્ન અંગવાળા મિત્ર હતા. આપણા ગુણાતીત સમાજના દરેક કેન્દ્રના સર્જનમાં

કાકાજીનો અમૂલ્ય ફાળો છે. પોતે ભીડો વેઠીને સૌને સેટ કરવામાં સહાયરૂપ થયા.

આજે આખા ગુણાતીત સમાજમાં સુખ, શાંતિ, આનંદ છે તેમાં કાકાજી, પપ્પાજી, સોનાબાનું સમર્પણ છે. હવે આપણી ફરજ છે કે, આપણે સુખ, શાંતિ,આનંદમાં રહીએ તો તેમનું સમર્પણ લેખે લાગે. તેઓ આખા સમાજની ઢાલ બનીને રહ્યા છે. તો તેમનું ઋણ અદા કરીએ ને સદાય આપણા અંતરમાં શુભ, સંકલ્પ થયા જ કરે, પ્રભુની પ્રસન્નતા અર્થે પ્રત્યેક પળ વીતે એ જ અંતરની પ્રાર્થના.

## પરમ ભક્તરાજ પૂ.ઈન્દ્રુ મલ્કાની અંકલને માહાત્મ્ય – પ્રાર્થના સુમન અર્પણ...





ગુરુહરિ પપ્પાજીમહારાજના પરમ ભક્ત અનાદિ અક્ષરમુક્ત અક્ષરનિવાસી પૂ.ઈન્દ્રુભાઈ મલ્કાની (અંકલ)ની ત્રયોદશીની મહાપૂજા ૨૧મી મેના ગુણાતીત જ્યોતના પપ્પાજી હૉલમાં વિધિસર પૂ.કલ્પુબેને કરી. ડૉ.નિલમબેને સભાનું સંચાલન કર્યું.

સૌ પ્રથમ સ્મૃતિબેન દવે રચિત ભજન ગવાયું. ‘સો સો બાર નમન હો દિલસે, સંત સુવાસ હો જીવનમેં...’



જે પપ્પાજીના સાંનિધ્યમાં જ્યારે અંકલનો પ્રાગટ્યદિન જ્યોતમાં ઉજવેલો ત્યારે બનાવેલું એ સ્મૃતિ સહ માહાત્મ્યભર્યા વિચારોથી પપ્પાજીના અને અંકલના દિવ્ય સંબંધોએ એમના સત્કર્મરૂપ પુણ્યના સહભાગી થતાં સૌ બહેનોએ આ મહાપૂજામાં ભક્તિભાવે શ્રદ્ધાસુમન અર્પી પ્રાર્થના વહાવી.

પૂ.ડૉ.નિલમબેને માહાત્મ્યભાવમાં કહ્યું કે,

– અક્ષરમુક્તો પૃથ્વી પર આવીને આપણને આદર્શ આપતા જાય છે. એમના રોમરોમમાંથી સ્વામિનારાયણ મંત્રનો જાપ થાય છે.

– પ્રથમવાર અંકલ જ્યોતમાં પધાર્યા ત્યારે જ્યોતના બોર્ડ પર વાક્ય લખેલું કે, ‘Whatever GURU says Do or Die.’એ વાક્ય એમણે આત્મસાત્ કરી દીધું.

– પપ્પાજીનું ઓછું બોલવું અને એમનો દિવ્ય પ્રકાશ એમના હૃદયને સ્પર્શી ગયેલો. જે એમના જીવનમાં સારધાર સ્મૃતિમાં વણાઈ ગયેલો. રોજ જ વ્હેલી સવારે ફોનથી જય સ્વામિનારાયણ કહેતા. જ્યારે પ્રત્યક્ષ હોય ત્યારે તેઓ મૌન મન અને હૃદયથી દર્શન જ કરતા ને માનસીમાં ચરણસ્પર્શ કરતા. અને એ દર્શનમાં એમણે ઘણું ઘણું માણ્યું. જે વિકટ પ્રસંગોમાં એમણે એ દિવ્ય વચનોનાં સ્મરણ કરી આ પ્રકૃતિપુરુષનું સર્વ કાંઈ તુચ્છ માની પ્રભુને સાધી લીધા. ભક્તરૂપે ગુણાતીત સમાજને મળ્યા.

– અંકલના સંબંધમાં ધંધાકીય વ્યક્તિ કે એમના જે ગુરુ સ્વામિરામ હતા તે સર્વેને એમણે ગુરુહરિ પપ્પાજીનાં દર્શનનો લ્હાવો આપ્યો. અને એવા વખતે પહેરવેશથી માંડી અંતરના ભાવોમાં રાંકભાવનો વ્યવહાર હતો. માહાત્મ્યના સંબંધની આ સંતસુવાસ હતી.

– સર્વદેશીયતા, ગરજુ થઈ સેવા કરવી, ફરિયાદ કે પ્રાર્થનાના ભાવમાં આ કરી આપો, આ કરવું છે તેવું આલોકનું કંઈ જ નહીં માંગવાનું. કેવળ આધ્યાત્મિક સમતા અને રાંકભાવે વર્તી સહજ ગુણાતીત સ્થિતપ્રજ્ઞતાની પ્રાપ્તિ કરી કુટુંબની પણ ચિંતા નથી કરી. ભગવાન પર જ છોડી કર્તાહર્તા માનતા.

– 'જો હુઆ ઔર હોતા હૈ વો અચ્છા હી હોતા હૈ' એવી એમની સ્વરૂપનિષ્ઠા હતી.

– આપણે એવી પ્રાર્થના કરીએ કે કર્તાહર્તા પ્રભુને માની પ્રભુની મૂર્તિમાં રહીને પરાભક્તિ કરીએ.

ત્યાર બાદ પૂ.શોભનાબેને લાભ આપ્યો કે,

– કાકાજીના એક જ વાર દર્શન થયાં પછી પપ્પાજીનો જોગ થયો. પપ્પાજીને કલ્યાણદાતા માન્યા પછી ક્યારેય એમના વિષે મનુષ્યભાવ ન હતો. એમના વચનોને છેલ્લા શ્વાસ સુધી આત્મસાત કર્યા.

– ગૃહસ્થાશ્રમમાં રહીને તપસ્યા જ કરી છે. ઘરમાં સૌમાં ભગવાનનાં દર્શન કર્યા ત્યારે થાય કે આવા ભક્તની ભક્તિમાં ભગવાન રંગાયા. તેવા ઉત્તમકોટિના ભક્ત હતા.

– પપ્પાજીના સંબંધે સૌ બહેનોની સેવા કરી રમાડ્યા, જમાડ્યા અને ભક્તો માટે શું ન થાય ? સર્વસ્વ સોંપી દીધું. એ અહીંથી પૃથ્વી પરથી જાય તો આપણને ન ગમે પણ પ્રાર્થના કરીએ કે...

– એમની ભક્તિનાં ભગવાને દર્શન કરાવ્યાં તો આપણે પણ એવી ભક્તિથી ભગવાનને બાંધીએ તેવી પ્રેરણા તેઓ જ્યાં હોય ત્યાંથી આપણને અર્પે.

આશીર્દાન પ.પૂ.દીદી : ભગવાન સ્વામિનારાયણના વખતના અંકલ હશે જ તો પ્રત્યક્ષનો જોગ એમણે આપ્યો ને સર્વદેશીય સમજણે સર્વપ્રતિ ગુરુભાવ–ભક્તિભાવે, સમર્પણના ભાવે જીવ્યા.

પપ્પાજી પાસે આવે તો પપ્પાજી જ્યોતમાં લઈને આવતા પણ ક્યારેય એવું નહોતું લાગતું કે કોઈ ભાઈ બેઠા છે. એવું જ લાગતું કે સાધકો સાથે એક સાધકભાવે જ તેઓ બેઠા છે. બહુ મોટા અને બહુ શ્રીમંત છે એનો અમને ખ્યાલ જ નહોતો. પછી ખબર પડી. બધી બહેનોને સ્વામિનારાયણ ફાર્મ પર બોલાવી ખુશ ખુશ કરતા. એવા અંકલ–આંટીને બહુ ધન્યવાદ છે.

આજે આશીર્વાદ આપે કે – એમના જીવનમાં જે સમર્પણની ભાવના હતી જે જીવનના અમે દર્શન કર્યા છે, જે પ્રત્યક્ષનું માહાત્મ્ય સમજ્યા એવું અમને સૌને જોઈએ છે. આપ પ્રત્યક્ષના સાંનિધ્યમાં જ રહી તમે સ્વરૂપ બન્યા તો તમારા આશીર્વાદ ને પ્રસન્નતા સિવાય કંઈ નથી જોઈતું.

આ પ્રાર્થનાના ભાવમાં રહી સૌ ભક્તિમાં જોડાયા.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

★ સુરત, ગોપીપુરાના પૂ.ભાનુબેન ચૌહાણ તા.૨૩.૫.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.



પૂ.ઈંદુબેન નવીનભાઈ પટેલ વૉલ્ધમસ્ટો. તેમના ભાઈ–ભાભી ગોપીપુરા રહેતાં. તે વખતે પ.પૂ.બેન અવારનવાર ગોપીપુરા જતાં. ત્યારે ભાનુબેનને બેનનો જોગ થયો અને તેઓને ગુરુહરિ પપ્પાજી અને જ્યોતનાં દર્શનનો લાભ મળ્યો.

પપ્પાજી અને બેન પ્રત્યેની તેમની નિષ્ઠા અજોડ હતી. બેને ગોપીપુરા મંડળની સભા ભાનુબેનના ઘરે કરાવી. મંડળમાં ૧૦ થી ૧૨ મુક્તોની સભા ભાનુબેન ખૂબ મહિમાથી કરાવતાં. ને જ્યોતનો સંબંધ સૌ કોઈને કરાવતાં. સંજોગોવસાત્ સૌ મુક્તોના નિવાસ બદલાતા સભા બંધ થઈ. પરંતુ ભાનુબેને તો સભા રેગ્યુલર કરી આજ્ઞાનું પાલન કર્યું. ભજન, ભક્તિ, સભા, ધૂન, સ્વાધ્યાય તેમનું જીવન હતું. ભાનુબેન સ્વભાવે ખૂબ

મળતાવડા અને આત્મીય હતાં. તેમનામાં બીજા માટે કરી છૂટવાની ભાવના અખંડ વહેતી. ભાનુબેને સત્સંગ અને ભક્તિનો વારસો તેમનાં કુટુંબીજનોને આપી ભક્તિનું ભાથું ભરી આત્માની કમાણી કરીને ગયાં. આવા નિષ્ઠાવાન ભાનુબેનને કોટિ કોટિ વંદન. તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે એ જ પ્રાર્થના.

**★ સરદારગઢના મુક્તરાજ પૂ.કડવીબેન ચપલા તા.૧૦.૬.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજતાં પૂ.ગોદાવરીબેન ચપલાના માતુશ્રી એ પૂ.કડવીબેન. ઈ.સ.૧૯૭૪ – ૭૫માં ગુરુહરિ પપ્પાજી સરદારગઢ પધાર્યા હતા. તે વખતે પૂ.કડવીબેને પપ્પાજીને પૂડા કરીને જમાડ્યા. પપ્પાજી કહે, 'આટલા સરસ પાતળા પૂડા કોણે બનાવ્યા ? તેને બોલાવો.' પપ્પાજીએ તે વખતે ખૂબ રાજીપો બતાવ્યો ને ધબ્બા રૂપે આશીર્વાદ આપ્યા.



પછી ૧૯૮૪ની સાલમાં પ.પૂ.બેન સરદારગઢ પધાર્યા અને કહે, કડવીબા, તમે દીકરીને ભગવાન ભજવા મોકલી તો હવે તમે સ્વામિનારાયણની કંઠી પહેરો. તરત જ બા એ હા પાડી ને પ.પૂ.બેને પૂ.કડવીબાને કંઠી પહેરાવી. વર્તમાન ધરાવ્યાં. ને આશીર્વાદ આપતાં કહ્યું કે, 'કડવીબા ! તમે ધામમાં જશો ત્યારે પપ્પાજી અને હું લેવા આવીશું.' ને તેઓ ગુરુહરિ પપ્પાજી અને બેનનું સ્મરણ કરતાં કરતાં ધામમાં ગયાં.

સરદારગઢના ચાર યુવકોને સંતો કરવાના હતાં. તે પહેલા કડવીબાએ તે ચારેય યુવકોનું ખૂબ ધ્યાન આપી સેવા કરી એ સેવાના ફળ સ્વરૂપે તેઓ પુણ્યની કમાણી કરીને ગયાં. તેમના કુટુંબીજનોને આ સત્સંગનો વારસો આપી, પ્રભુનિષ્ઠ બનાવ્યા. ગુરુહરિ પપ્પાજી, પ.પૂ.બેન તેમના આત્માને શાંતિ અર્પે ને તેમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના.

## સિદ્ધાંતપાલને સુખિયા...

એક વાર શિબિરસભામાં બ્રહ્માનંદ ચાલતો હતો. પપ્પાજીના આશિષ ડીકલેર થયા. એટલે પપ્પાજી કહે, 'આજે હું તમારું ચિંતવન કરતો હતો કે આ લોકોને ભેટ આપવી પડશે તો શું આલીશું ? સમય થતાં મને આરામમાં મોકલ્યો. પછી છાનોમાનો હું ઉઠીને બેઠો થયો ને લખતો હતો. એ તો ડીટેઈલમાં તમને હું જ્યારે ટાઈમ હશે ત્યારે સમજાવીશ પણ તમારા બધાય પાસેથી મારે એક વાત જોઈએ છે. કોઈનાય પ્રકૃતિ કે સ્વભાવ કે ગણત્રીના બહાને કોઈપણ સંબંધવાળાનો અભાવ નહીં લેવાનો. બધા જ પ્રભુ નિયંત્રિત છે. સૌને વર્તાવનાર પ્રભુ છે તેવું માનવું જ. ખરેખર તમે મારા પર રાજી થયા હો તો મારે આ જોઈએ છે.'

સિધ્ધાંતપાલનથી જ સુખિયા થવાય એ વાત દાસભાવે દઢ કરાવવા આરામમાંથી ઉઠીને લખવામાં પપ્પાજીનો કેટલો બધો ઈશક છે તે આમાં દેખાય છે !

## વિશેષ નોંધ :

વ્હાલા અક્ષરમુક્તો !

જય સ્વામિનારાયણ.

આપ સૌ મુક્તો જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યાં છો એ ઉત્સવ કોરોના મહામારીના કારણે સરકાર શ્રીના નિયમ મુજબ તા.૧૨, ૧૩, ૧૪ નવેમ્બર, ૨૦૨૧માં 'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ' ને 'ગુણાતીત ગરિમા પર્વ' આ વર્ષે ઉજવવાનો બંધ રાખેલ છે. તો નોંધ લેવા વિનંતી.

## નિર્ણય

★ એકાદશી : જેઠ સુદ–૧૧, સોમવાર, તા.૨૧.૬.૨૦૨૧

★ એકાદશી : જેઠ વદ–૧૧, સોમવાર, તા.૫.૭.૨૦૨૧

★ દેવશયની એકાદશી, ચાતુર્માસ પ્રારંભ :
અષાઢ સુદ – ૧૧, મંગળવાર, તા.૨૦.૭.૨૦૨૧

★ ગુરુપૂર્ણિમા :
અષાઢ સુદ – ૧૪, શુક્રવાર, તા.૨૩.૭.૨૦૨૧

## શ્રી ગુણાતીત જ્યોત–વલ્લભ વિદ્યાનગર દ્વારા કોરોના મહામારી કાળમાં રાહત સેવાકાર્ય...

ગુરુહરિ પપ્પાજી મહારાજની કૃપા અને વાત્સલ્યમૂર્તિ પ.પૂ.હંસાદીદીની અંતરની કરૂણાભાવના અને પ્રેરણાથી પ.પૂ.માયાબેનના નેતૃત્ત્વ હેઠળ આ કાર્ય ભક્તિભાવથી સંત બહેનો અને મદદનીશો દ્વારા સંપન્ન થયું.

કોરોના મહામારીનાં કપરાં સમયમાં તેમજ કુદરતી હોનારતે જે માનવજીવનને વેરવિખેર કરી, જીવન વ્યવહારમાં વિષમતા સર્જી. પરિવારના નિર્વાહ માટે પણ માનવીને વિમાસણમાં મૂકી દીધા. અસહ્ય પરિસ્થિતિ જે સર્જાઈ તેમાં સહાયરૂપ થવા માટે પ.પૂ.હંસાદીદીના હૃદયમાંથી જે સુહૃદભાવનાનો સ્ત્રોત વહ્યો તેમાં સૌ સ્વરૂપો, સેવકો, સંત બહેનો ભક્તો નિષ્કામભાવે તત્કાળ ભળ્યા અને રાત દિવસ એક કરી હોલા ઉપાડે મંડી ખૂબ જ અલ્પ સમયમાં કાર્યવાહીને પૂર્ણ કરી.

જરૂરતમંદ ૧૩૦૦ જેટલાં પરિવારને યથાશક્તિ ત્રણ મહિના સુધી ચિંતા કરવી ના પડે તે પ્રમાણેની રાશનની કીટ તૈયાર કરી. જેમાં ઘઉં, ચોખા, દાળ, કઠોળ અને રસોડામાં વપરાતા મીઠાથી માંડીને બધા જ મસાલા સાથે તેલ, ઘી, ચા–ખાંડ પણ મૂકાવ્યા. ૨૦૨૦થી શરૂ થયેલી આ મહામારીમાં થયેલા વિષમ અનુભવોને આ પ્રભુ પ્રસાદથી ભૂલી જઈ, અંતરમાં શાતા અનુભવે તો જ પ્રાર્થના પણ દિલથી થાય તેથી ગુરુહરિ પ.પૂ.પપ્પાજીનો દિવ્ય સંદેશ પણ સાથે આપ્યો કે, 'શ્રદ્ધાપૂર્વક કરેલી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી.'

આ કાર્યનો શુભારંભ ગુરુહરિ પ.પૂ.પપ્પાજીના સાક્ષાત્કાર દિન ૧લી જૂનથી કરવામાં આવ્યો.

વિદ્યાનગર, આણંદ, ખેડા, નડિયાદ, અમદાવાદ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા, રાજકોટ, માણાવદર, મોરબી, જૂનાગઢ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ જેવા શહેરો અને આજુબાજુનાં ગામોમાં જરૂરતમંદોને ગુણાતીત જ્યોતના સેન્ટર સંચાલકો, ગુણાતીત પ્રકાશના ભાઈઓ, ગુણાતીત સૌરભના વ્રતધારી ગૃહસ્થો અને યુવા સેવકોની ઉત્તમ સેવાભાવના અને સહકાર દ્વારા આ કીટનું વિતરણ થયું.

અનંત વંદન છે ગુરુહરિ પપ્પાજીને, પ.પૂ.હંસાદીદીને અને સૌ સ્વરૂપોને તથા સર્વ સેવાભાવી સુહૃદભક્તોને!

## ચાતુર્માસના નિયમો

તા.૨૦મી જુલાઈ ૨૦૨૧, અષાઢ સુદ દેવશયની નિયમની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. જે કારતક સુદ દેવઉઠી (પ્રબોધિની) એકાદશી તા.૧૫મી નવેમ્બર, ૨૦૨૧ના સમાપ્ત થાય છે.

આ વર્ષે ગુરુહરિ પપ્પાજી મહારાજના ૭૦મા સાક્ષાત્કારદિનનું અને ૧૦૫મા પ્રાગટ્યદિનનું વર્ષ છે. તો આ બંને અવસરની સ્મૃતિમાં આ વર્ષના ચાતુર્માસના સમય દરમ્યાન નીચેના નિયમો ધારણ કરી ભક્તિ અદા કરીશું. ઓછામાં ઓછા પાંચ નિયમો તો ધારણ કરવા જ.

૧. રોજ એક વચનામૃત અને સ્વામીની વાતુનો પાઠ કરવો.
૨. રોજ પૂજામાં આચારસંહિતાનું વાંચન કરવું.
૩. પરામૃત, પપ્પાજીના પત્રો, પરમના પથિકને અને પરાભક્તિની સૌરભમાંથી ક્રમશઃ રોજ એક ચેપ્ટરનો સ્વાધ્યાય કરવો.
૪. ૭૦ કલાક ધૂન કરવી.
૫. ૭૦ દિવસ ઓરડાના ચાર પદ ગાવા અને એક ભજનનું શ્રવણ કરવું.
૬. ૧૦૫ દિવસ 'સ્વામિનારાયણ પપ્પાજી' એમ રોજના ૭૦ મંત્રનું લેખન કરવું.
૭. ૧૦૫ દિવસ ઠાકોરજી અને ગુરુહરિ પપ્પાજીની મૂર્તિ રાખીને ૧૧ પ્રદક્ષિણા કરવી.
૮. ૧૦૫ દિવસ ઘરના મુક્તોની નામાવલિ બોલી, સુખાકારીની પ્રાર્થના કરવી.
૯. ૭૦ મહાપૂજા (આખી કે નાની) કરવી. તેમાં કુટુંબીજનો, મિત્રમંડળ અને મંડળના મુક્તોની નામાવલિ બોલી સુહૃદપ્રાર્થના કરવી.
૧૦. ૧૦૫ દિવસ ઘર મંદિરે બહેનોએ પાંચ પંચાંગે પ્રણામ અને ભાઈઓએ અષ્ટાંગે પાંચ દંડવત્ કરવા.

**વિશેષ આત્માનો નિયમ :** સવળી વિચારસરણી રાખી, સૌનો ગુણ લેવો ને અભાવ અવગુણમાં ના પડવું.





















કોરોના મહામારી કાળમાં રાહત સેવાકાર્ય...



To,


RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120






કોરોના મહામારી કાળમાં રાહત સેવાકાર્ય...









શાશ્વતધામ દર્શન...


Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India